સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 46**

[NOVEMBER - 2023]
[11/11/23 to 18/11/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

## 11 NOV-2023


- દિવસ મહિમા : 11 નવેમ્બર, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ (National Educational Day) ........ 02
- વિશ્વ ક્ષય રોગ રિપોર્ટ, 2023 (Global TB Report 2023) ........ 02
- QUESTION ANSWERS ........ 05


## 12 NOV-2023


- દિવસ મહિમા : 12 નવેમ્બર, વિશ્વ ન્યુમોનિયા દિવસ (World Pneumonia Day), રાષ્ટ્રીય પક્ષી દિવસ ........ 06
- અમરેલીના દુધાળામાં રાજ્યના પ્રથમ 'જળ ઉત્સવ'નો પ્રારંભ ........ 06
- અવકાશયાત્રી ફ્રેન્ક બોર્મનનું નિધન ........ 07
- QUESTION ANSWERS ........ 09


## 13 NOV-2023


- દિવસ મહિમા : 13 નવેમ્બર, વિશ્વ દયા દિવસ અથવા તો વિશ્વ દયાળુતા દિવસ (World Kindness Day) ........ 10
- બોંગોસાગર-23 અને CORPAT : ભારત-બાંગ્લાદેશ ........ 10
- ભારત-ભૂટાન સંબંધ (India-Bhutan Relations) ........ 10
- QUESTION ANSWERS ........ 14


## 14 NOV-2023


- દિવસ મહિમા : 14 નવેમ્બર, બાલ દિન (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન), વિશ્વ ડાયાબિટીસ દિન (વિશ્વ મધુપ્રમેહ દિવસ) ........ 15
- ભારત-અમેરિકા 2+2 મંત્રી સ્તરીય સંવાદ ........ 15
- ભારત સરકારે શહેરો માટે AAINA ડેશબોર્ડ લોન્ચ કર્યુ ........ 17
- QUESTION ANSWERS ........ 19


## 15 NOV-2023


- દિવસ મહિમા : 15 નવેમ્બર, જનજાતિય ગૌરવ દિવસ અથવા આદિવાસી ગૌરવ દિવસ ........ 20
- પ્રોડક્શન ગેપ રિપોર્ટ 2023 ........ 21
- ICC હોલ ઓફ ફેમ ........ 22
- QUESTION ANSWERS ........ 23


## 16 NOV-2023


- દિવસ મહિમા : 16 નવેમ્બર, રાષ્ટ્રીય પ્રેસ દિવસ અથવા રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ, આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ, ઓડિટ દિવસ ........ 24
- છઠ્ઠો ભારત-OPEC ઊર્જા સંવાદ (6th India OPEC Energy Dialogue) ........ 25
- OBC અને અન્ય માટે શ્રેયસ યોજના ........ 26
- QUESTION ANSWERS ........ 28


## 17 NOV-2023


- દિવસ મહિમા : 17 નવેમ્બર, રાષ્ટ્રીય એપીલેપ્સી દિવસ ........ 29
- આઈસલેન્ડમાં ભૂકંપ ........ 29
- QUESTION ANSWERS ........ 30


## 18 NOV-2023


- આદિવાસી જૂથો માટે મુખ્ય પહેલ ........ 31
- રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર (RVP) ........ 32
- QUESTION ANSWERS ........ 34

ONE LINER ........ 35

QUESTION OF THIS WEEK ........ 39


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 11 નવેમ્બર, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ (National Educational Day)



ભારતમાં દર વર્ષે 11 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારત સરકારના પ્રથમ શિક્ષણ મંત્રી શ્રી મૌલાના અબુલ કલામ આઝાદની યાદમાં તેમનો જન્મદિન 11 નવેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં વિધિવત રીતે આ દિવસની ઉજવણીનો પ્રારંભ 11 નવેમ્બર, 2008થી થયો હતો.

નોંધ : (1) શ્રી અબુલ કલામ આઝાદનો જન્મ 11 નવેમ્બર, 1888ના રોજ મક્કામાં થયો હતો, જે તે સમયે ઓટ્ટોમન સામ્રાજ્યનો એક ભાગ હતો. હવે તે સાઉદી અરેબિયાનો એક ભાગ છે.

(2) તેમણે ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી તરીકે વર્ષ 1947 થી વર્ષ 1958 સુધી સેવા આપી હતી.

ICE INSTITUTE COMPETITIVE EXAMS

## વિશ્વ ક્ષય રોગ રિપોર્ટ, 2023 (Global TB Report 2023)

તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ 'વિશ્વ ક્ષય રોગ રિપોર્ટ, 2023' (Global TB Report 2023) બહાર પાડ્યો છે.

- જે વર્ષ 2022માં વિશ્વભરની અર્થવ્યવસ્થા પર TBની અસરને પ્રકાશિત કરે છે.
- વર્ષ 2022માં વિશ્વભરમાં ટીબીના સૌથી વધુ કેસ (2.8 મિલિયન ટીબી કેસો) ભારતમાં જોવા મળ્યા હતા.
- જે અર્થતંત્ર પર ટીબીના વૈશ્વિક બોજમાં 27% હિસ્સો ધરાવે છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

#### ટીબીનો બોજ

કોવિડ 19 મહામારી બાદ વર્ષ 2022માં ક્ષય રોગ (TB) વિશ્વભરમાં મૃત્યુનું બીજું મુખ્ય કારણ હતું.

- TBના કારણે HIV / AIDSની તુલનામાં લગભગ બમણા મૃત્યુ થાય છે.
- દર વર્ષે 10 મિલિયનથી વધુ લોકો TBથી પીડાય છે.

- TBથી સૌથી વધુ અસરગ્રસ્ત ટોચના 30 દેશોમાં 2022માં વિશ્વભરના કુલ કેસોમાં સામૂહિક રીતે 87% હિસ્સો હતો.
- ભારત ઉપરાંત ટોચના દેશોમાં ઈન્ડોનેશિયા, ચીન, ફિલિપાઈન્સ, પાકિસ્તાન, નાઈજીરીયા, બાંગ્લાદેશ અને ડેમોક્રેટિક ઓફ કોંગોનો સમાવેશ થાય છે.

## ટીબીના નિદાનમાં વધારો

વર્ષ 2022માં વૈશ્વિક સ્તરે 7.5 મિલિયન લોકોને ટીબીનું નિદાન કરવામાં આવ્યું હતું.

- જે WHO દ્વારા 1995માં વૈશ્વિક ટીબી સર્વેલન્સ શરૂ કર્યા પછી નોંધાયેલ સૌથી વધુ સંખ્યા છે.

## સારવારના અભાવે ઉચ્ચ મૃત્યુદર

સારવારના અભાવે ક્ષય રોગમાં મૃત્યુદર 50% જેટલો ઊંચો છે.

- જોકે હાલમાં WHO દ્વારા ભલામણ કરાયેલી સારવાર (એન્ટિ–ટ્યૂબરક્યુલોસિસ દવાઓનો 4-6 મહિનાનો કોર્સ) ટીબી ધરાવતા લગભગ 85% લોકોના સ્વાસ્થ્યને સુધારી શકે છે.

## ટીબી નિદાન અને સારવારમાં વૈશ્વિક પુનઃપ્રાપ્તિ

કોવિડ-19 સંબંધિત વિક્ષેપોના બે વર્ષ પછી 2022માં ટીબીના નિદાન અને સારવાર કરાયેલા લોકોની સંખ્યામાં સકારાત્મક સુધારો થયો છે.

- ભારત, ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ જેવા દેશો વૈશ્વિક ઘટાડાનો 60% કરતા વધુ હિસ્સો ધરાવે છે.

## ટીબીનો ઘટના દર

ટીબીનો દર જે દર વર્ષે 100,000 વસતી દીઠ નવા કેસોને માપે છે તે 2020 અને 2022ની વચ્ચે 3.9% વધ્યો છે.

- આ વૃદ્ધિ દર વર્ષે લગભગ 2%ના ઘટાડાના વલણને ઉલટાવી દે છે જે છેલ્લા બે દાયકાથી જોવામાં આવી રહ્યો છે.


## ભારતમાં ટીબી સંબંધિત મુખ્ય તારણો

ભારતમાં ટીબીના કેસમાં મૃત્યુનું પ્રમાણ 12% નોંધાયું છે, જે દર્શાવે છે કે દેશમાં ટીબીના 12% કેસ મૃત્યુમાં પરિણામે છે.

- રિપોર્ટમાં અનુમાન કરવામાં આવ્યું છે કે વર્ષ 2022માં ભારતમાં ટીબીથી સંબંધિત 3,42,000 મૃત્યુ થયા છે.

- તેમાં 3,31,000 HIV નેગેટિવ વ્યક્તિઓ અને 11,000 HIV ધરાવતા લોકોનો સમાવેશ થાય છે.
- ભારતમાં વર્ષ 2022માં મલ્ટિડ્રગ–રેઝિસ્ટન્ટ ટીબી (MDR-TB)ના 1.1 લાખ કેસ નોંધાયા હતા.
- જે MDR-TBના સતત પડકારને જાહેર આરોગ્ય કટોકટી તરીકે દર્શાવે છે.


## T.B.



ક્ષય રોગને અંગ્રેજીમાં ટૂંકમાં T.B. તરીકે ઓળખવામાં આવે છે.

- T.B.નું પૂરું નામ Tuberculosis છે.
- ભારત સરકારની વર્ષ 2017ની આરોગ્ય નીતિમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલ કરવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત વર્ષ 2025 સુધીમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.
- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ક્ષય (ટી.બી.) દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(D)**

2. ભારતમાં કોનો જન્મદિન 11 નવેમ્બર 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે ઉજવાય છે ?

(A) ડો. રાજેન્દ્ર પ્રસાદ (B) ડો. ઝાકિર હુસૈન

(C) ડો. મૌલાના અબુલ કલામ આઝાદ (D) શ્રી ચૌધરી ચરણસિંહ **(C)**

3. તાજેતરમાં WHOએ 'Global TB Report 2023' બહાર પાડ્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. રિપોર્ટ અનુસાર કોવિડ-19 મહામારી બાદ વર્ષ 2022માં TB વિશ્વભરમાં મૃત્યુનું બીજું કારણ હતું.
2. વર્ષ 2022માં વૈશ્વિક સ્તરે 7.5 મિલિયન લોકોને ટીબીનું નિદાન કરવામાં આવ્યું હતું.
3. આ રિપોર્ટ અનુસાર સારવારના અભાવે ક્ષય રોગ અથવા ટી.બી.માં મૃત્યુ દર 50% જેટલો ઊંચો છે.
4. ભારતમાં વર્ષ 2022માં ટીબીના કેસમાં મૃત્યુનું પ્રમાણ 12% નોંધાયું હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) 1, 2, 3 અને 4

(C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 1, 2 અને 3 **(B)**

4. 'વિશ્વ ક્ષય દિન' અથવા 'વિશ્વ ટી.બી. દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 માર્ચ (B) 23 માર્ચ (C) 24 માર્ચ (D) 25 માર્ચ **(C)**

5. T.B.નું પૂરું નામ શું છે ?


(A) Tuberculosis (B) Tubercurosis

(C) Tubercunosis (D) Tubercumosis **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 નવેમ્બર, (1) વિશ્વ ન્યુમોનિયા દિવસ (World Pneumonia Day) (2) રાષ્ટ્રીય પક્ષી દિવસ


### વિશ્વ ન્યુમોનિયા દિવસ




દર વર્ષે 12 નવેમ્બરના રોજ 'વિશ્વ ન્યુમોનિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ન્યુમોનિયા વિશે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે 'ગ્લોબલ કોએલિશન અગેઈન્સ્ટ ચાઈલ્ડ ન્યુમોનિયા' દ્વારા વર્ષ 2009માં પ્રથમ વખત આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી.
- ભારતમાં વિધિવત રીતે આ દિવસની ઉજવણીનો પ્રારંભ 11 નવેમ્બર, 2008થી થયો હતો.

### રાષ્ટ્રીય પક્ષી દિવસ



રાષ્ટ્રીય પક્ષી દિવસ દર વર્ષે 12 નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

- પક્ષી નિષ્ણાંત શ્રી સલીમ અલીના જન્મ દિવસને ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય પક્ષી દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- શ્રી સલીમ અલીનો જન્મ 12 નવેમ્બર, 1896ના રોજ બોમ્બે ખાતે થયો હતો.
- તેઓ વિશ્વવિખ્યાત પક્ષી નિષ્ણાત અને પ્રકૃતિશાસ્ત્રી હતા.
- સમગ્ર ભારતમાં વ્યવસ્થિત પક્ષી સર્વેક્ષણનું આયોજન કરનાર તેઓ ભારતના પ્રથમ વ્યક્તિ હતા અને પક્ષીઓ પર તેમના પુસ્તકો ભારતમાં પક્ષી વિજ્ઞાનના વિકાસમાં ઘણી મદદ કરી હતી.
- ડો. સલીમ અલીને ભારતમાં 'બર્ડમેન' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેમણે પક્ષીઓ સંબંધિત અનેક પુસ્તકો લખ્યા હતા, જેમાંનું 'બર્ડ્સ ઓફ ઈન્ડિયા' સૌથી લોકપ્રિય પુસ્તક છે.
- તેમને વર્ષ 1958માં 'પદ્મભૂષણ' અને વર્ષ 1976માં પદ્મવિભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમરેલીના દુધાળામાં રાજ્યના પ્રથમ 'જળ ઉત્સવ'નો પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામમાં 16 નવેમ્બરના રોજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની આદરણીય ઉપસ્થિતિમાં રાજ્યના પ્રથમ 10 દિવસીય 'જળ ઉત્સવ 2023'નું ઉદ્ઘાટન કર્યુ હતું.




- અમરેલીમાં જળ સંચયના પ્રચંડ પ્રયાસોને પ્રવાસીઓના આકર્ષણના કેન્દ્ર તરીકે વિકસાવવાની દરખાસ્ત કરતા રાજ્યપાલશ્રીએ બિનઉપયોગી સરકારી જમીનમાંથી બાવળની ઝાડીઓ સાફ કરીને વિવિધ વૃક્ષોની પ્રજાતિઓનું વાવેતર કરીને તેને લીલાછમ જંગલમાં પરિવર્તિત કરવાનું સૂચન કર્યું હતું.
- આ પહેલ વરસાદને વધારવા અને પર્યાવરણીય સુધારણામાં યોગદાન આપવા માટે અમલમાં મૂકી શકાય છે.
- રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકસીત ભારતના વિઝનને હાંસલ કરવા માટે વીજળી અને પાણીના પાયા પર બનેલી ઔદ્યોગિક ક્રાંતિને વેગ આપવામાં આવશે.
- આ પરિપૂર્ણ કરવા માટે રાજ્ય વીજળી અને પાણીની અછતને કાયમી ધોરણે ઉકેલવા પ્રતિબદ્ધ છે.
- નોંધનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અને રાજ્ય સરકાર તથા ધોળકીયા ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસોથી ગગડીયો નદીના કિનારે અસંખ્ય જળ સંચયના પ્રોજેક્ટો પૂર્ણ થયા છે.
- આ સિદ્ધિઓની ઉજવણીમાં અને પ્રવાસનને વેગ આપવા માટે અહીંયા 25મી નવેમ્બર સુધી જળ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

## અવકાશયાત્રી ફ્રેન્ક બોર્મનનું નિધન

તાજેતરમાં અમેરિકાના પ્રસિદ્ધ અવકાશયાત્રી શ્રી ફ્રેન્ક બોર્મનનું નિધન થયું છે.

- શ્રી ફ્રેન્ક બોર્મનને એપેલો 8ના કમાન્ડર તરીકે હંમેશ માટે યાદ કરવામાં આવશે.



### શ્રી ફ્રેન્ક બોર્મન

શ્રી ફ્રેન્ક બોર્મનનો જન્મ 14 માર્ચ, 1928ના રોજ અમેરિકાના ગેરી, ઈન્ડિયામાં થયો હતો.

- તેનું પૂરું નામ ફ્રેન્ક ફ્રેડરિક બોર્મન II છે.
- તેઓ એક USAF (યુનાઈટેડ સ્ટેટ્સ એર ફોર્સ) કર્નલ, એરોનોટિકલ એન્જિનિયર, NASA અવકાશયાત્રી, પરીક્ષણ પાઈલટ અને ઉદ્યોગપતિ હતા.
- તેઓ એપોલો 8ના કમાન્ડર હતા, જે ચંદ્રની આસપાસ ઉડવા માટેનું પ્રથમ મિશન હતું.

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

- તેમની સાથે જેમ્સ લોવેલ અને વિલિયમ એન્ડર્સ હતા.
- નાસાનું મિશન એપોલો 8ને ચંદ્ર પર મોકલવાના નિર્ણયમાં ફ્રેન્ક બોર્મનના નેતૃત્વએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.
- એપોલો 8ની પ્રતિકાત્મક ક્ષણોમાંની એક વિલિયમ એન્ડર્સ દ્વારા કેપ્ચર કરવામાં આવી હતી. જ્યારે તેણે ‘અર્થરાઈઝ’ ફોટો ખેંચ્યો હતો, જેમાં ચંદ્રના લેન્ડસ્કેપની ઉપર વાદળી અને સફેદ પૃથ્વી દેખાતી હતી.
- તેમને 1962માં નેક્સ્ટ નાઈન તરીકે ઓળખાતા બીજા જૂથ સાથે નાસાના અવકાશયાત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.
- 1966માં તેમણે જેમિની 7ના કમાન્ડર તરીકે ચૌદ દિવસની અવકાશ ઉડાનનો રેકોર્ડ બનાવ્યો હતો.
- આ ઉપરાંત તેમણે નાસાના રિવ્યુ બોર્ડમાં સેવા આપી હતી જેણે એપોલો 1ની આગની તપાસ કરી હતી.
- તેમને અમેરિકાના પ્રતિષ્ઠિત ફલાઈંગ ક્રોસ, એરફોર્સ વિશિષ્ટ સેવા મેડલ, લીજન ઓફ મેરિટ, કોંગ્રેસનલ સ્પેસ મેડલ ઓફ ઓનર, નાસા વિશિષ્ટ સેવા ચંદ્રક જેવા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. કયા દિવસે 'વિશ્વ ન્યુમોનિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 11 નવેમ્બર (B) 12 નવેમ્બર (C) 13 નવેમ્બર (D) 14 નવેમ્બર **(B)**

2. કયા દિવસે 'રાષ્ટ્રીય પક્ષી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 11 નવેમ્બર (B) 12 નવેમ્બર (C) 13 નવેમ્બર (D) 14 નવેમ્બર **(B)**

3. ભારતમાં કોના જન્મ દિવસ નિમિત્તે 'રાષ્ટ્રીય પક્ષી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) શ્રી સલીમ અલી (B) શ્રી અહમ્મદ અલી

(C) શ્રી સમીર અલી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

4. તાજેતરમાં દુધાળા ખાતે રાજ્યના પ્રથમ 'જળ ઉત્સવ'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તે કયા જિલ્લામાં સ્થિત છે ?

(A) ગીર સોમનાથ (B) અમરેલી (C) બોટાદ (D) ભાવનગર **(B)**

5. તાજેતરમાં શ્રી ફ્રેન્ક બોર્મનનું નિધન થયું હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેઓ અમેરિકાના પ્રસિદ્ધ અવકાશયાત્રી હતા.
2. તેઓ નાસાના એપોલો 8 મિશન સાથે સંકળાયેલ હતા.
3. તેમને વર્ષ 2007માં નોબેલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) 1, 2 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 13 નવેમ્બર, વિશ્વ દયા દિવસ અથવા તો વિશ્વ દયાળુતા દિવસ (World Kindness Day)

## બોંગોસાગર-23 અને CORPAT : ભારત-બાંગ્લાદેશ

ભારતીય નૌકાદળ અને બાંગ્લાદેશ નૌકાદળ વચ્ચે દ્વિપક્ષીય કવાયતની ચોથી આવૃત્તિ 'બોંગોસાગર-23' અને બંને નૌકાદળો દ્વારા સંકલિત કોઓર્ડિનેટેડ પેટ્રોલ (CORPAT)ની 5મી આવૃત્તિ તાજેતરમાં બંગાળની ખાડીમાં સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.



- બંને દેશોની નૌકાદળોએ ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈન (IMBL) પર સંયુક્ત પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.
- અને ત્યારબાદ આંતરકાર્યક્ષમતા વધારવા માટે દરિયાઈ કવાયત હાથ ધરવામાં આવી હતી.
- ભારતીય નૌકાદળના જહાજો કુથાર અને કિલતાન, મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ(MPA) ડોર્નિયરની સાથે કવાયતમાં ભાગ લીધો હતો.
- બાંગ્લાદેશ નૌકાદળનું પ્રતિનિધિત્વ તેમના પોતાના MPA સાથે જહાજો અબુ બકર અને અબુ ઉબેદાહ દ્વારા કરવામાં આવ્યું હતું.
- CORPAT-23નું એક નોંધપાત્ર પાસું એ બંને નૌકાદળ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રથમ માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) કવાયત હતી.
- જેમાં સમુદ્રમાં શોધ અને બચાવની સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.
- બંગાળની ખાડીમાં નિયમિત દ્વિપક્ષીય કવાયત અને સંકલિત પેટ્રોલિંગ ભારત અને બાંગ્લાદેશની નૌકાદળ વચ્ચે પરસ્પર વિશ્વાસ અને સહયોગ વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

## ભારત-ભૂટાન સંબંધ (India-Bhutan Relations)

તાજેતરમાં ભૂટાનના રાજા શ્રી જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુકએ ભારતની મુલાકાત લીધી હતી.



- મુલાકાત દરમિયાન વેપાર અને ભાગીદારી વધારવા અંગે પ્રાદેશિક જોડાણ માટે નવા માર્ગો પર ચર્ચા કરવા અને સરહદ તથા ઈમિગ્રેશન પોસ્ટનું આધુનિકરણ કરવા સંમત થયા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દ્વિપક્ષીય બેઠકના મુખ્ય મુદ્દાઓ

### પ્રાદેશિક કનેક્ટિવિટી

ભારત અને ભૂટાન પ્રાદેશિક કનેક્ટિવિટી માટે નવા માર્ગો પર ચર્ચા કરવા સંમત થયા હતા.

- જેમાં ભૂટાનના ગલેફૂ અને આસામના કોકરાઝાર વચ્ચે 58 કિમીની ક્રોસ બોર્ડર રેલ લિંકનો વિકાસ સામેલ છે.
- આ ઉપરાંત ભૂટાનના સમત્સે અને પશ્ચિમ બંગાળના ચા ના બગીચા વિસ્તારમાં બનારહાટ વચ્ચે લગભગ 18 કિ.મી. લાંબી બીજી રેલ લિંકની શોધ કરવાની યોજના છે.
- બંને પક્ષોએ આ પ્રોજેક્ટને ટેકો આપવા માટે સરહદ અને ઈમિગ્રેશન ચોકીઓને આધુનિક બનાવવાની ચર્ચા કરી હતી, જે સરહદી વિસ્તાર માટે નોંધપાત્ર વિકાસ બની શકે.

### વેપાર અને કનેક્ટિવિટી

બંને દેશો પશ્ચિમ બંગાળના હલ્દીબારીથી બાંગ્લાદેશના ચિલાહાટી સુધી માલસામાનના પરિવહનને મંજૂરી આપીને વેપારને સરળ બનાવવા માટે સંમત થયા હતા.

- જેનો ઉદ્દેશ્ય ભારતીય ક્ષેત્ર દ્વારા ભૂટાન અને બાંગ્લાદેશ વચ્ચે વેપારની તકો અને માલની હેરફેરને વધુ સરળ બનાવવાનો છે.

### ઈમિગ્રેશન ચેક પોસ્ટ

આસામ અને ભૂટાનના દક્ષિણ–પૂર્વ જિલ્લા વચ્ચેની દારંગા–સમદ્રુપ જોંગખાર સરહદને ઈમિગ્રેશન ચેકપોસ્ટ તરીકે નિયુક્ત કરવામાં આવશે.

- તેનાથી માત્ર ભારતીય અને ભૂટાનના નાગરિકો જ નહીં પરંતુ ત્રીજા દેશના નાગરિકોને પણ આ ક્ષેત્રમાં પ્રવેશવા અને બહાર નીકળવાની અનુમતી મળશે, જેનાથી પ્રવાસનને પ્રોત્સાહન મળશે અને કનેક્ટિવિટીમાં સુધારો થશે.

### ભૂટાનના SEZ પ્રોજેક્ટ માટે સમર્થન

બંને પક્ષો દાદગીરી (આસામ) ખાતેના હાલના લેન્ડ કસ્ટમ સ્ટેશનને આધુનિક 'ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ' (ICP)માં અપગ્રેડ કરવા તેમજ 'ગલેફુમાં ભૂટાની પક્ષ પર સુવિધાઓનો વિકાસ'ની સાથે વેપાર માળખાને મજબૂત કરવા સંમત થયા હતા.

- જે ભૂટાનના સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ (SEZ) પ્રોજેક્ટ માટે ભારતનું સમર્થન દર્શાવે છે.

## વિકાસલક્ષી સહાય

ભારતે 13મી પંચવર્ષીય યોજના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને ભૂટાનના સામાજિક–આર્થિક વિકાસ માટે તેનું સમર્થન ચાલુ રાખવા પ્રતિબદ્ધ છે.

- જે મજબૂત દ્વિપક્ષીય સંબંધો માટે તેમની કાયમી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.
- 12મી પંચવર્ષીય યોજના માટે ભારતનું રૂ.4500 કરોડનું યોગદાન ભૂટાનના કુલ બાહ્ય સહાય ઘટકોના 73% હતું.

## અન્ય બાબતો

ભૂટાને તાજેતરના G20 સમિટનું સફળતાપૂર્વક આયોજન કરવા અને નવી દિલ્હી ઘોષણામાં દર્શાવેલ સર્વસંમતિ અને રચનાત્મક નિર્ણયોને પ્રોત્સાહન આપવા બદલ ભારતની પ્રશંસા કરી હતી.

- ભૂટાને G20 ચર્ચામાં ગ્લોબલ સાઉથ દેશોના હિતો અને પ્રાથમિકતાઓને એકીકૃત કરવાના ભારતના સમર્પણની પ્રશંસા કરી હતી.
- ભૂટાનના રાજાએ ઓપરેશન ઓલ ક્લિયરને યાદ કર્યુ હતું, જે 2003માં ભૂટાનના દક્ષિણ પ્રદેશોમાં આસામ અલગતાવાદી બળવાખોર જૂથો સામે રોયલ ભૂટાન આર્મી દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.
- 1020 મેગાવોટ પુનતસંગછુ-II હાઈડ્રોપાવર પ્રોજેક્ટના બાંધકામની પ્રગતિ પર સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો, જે 2024માં ટૂંક સમયમાં શરૂ થવાની અપેક્ષા છે.
- આ ઉપરાંત સૌરઊર્જા અને હાઈડ્રોજન તથા ઈ–મોબિલિટી સંબંધિત ગ્રીન પહેલ સહિત હાઈડ્રોથી નોન–હાઈડ્રો રિન્યુએબલ એનર્જીમાં હાલની ભારત–ભૂટાન ઊર્જા ભાગીદારીને વિસ્તારવા માટે એક કરાર થયો હતો.
- ભારતે આ ક્ષેત્રોમાં પ્રોજેક્ટ માટે જરૂરી ટેકનિકલ અને નાણાકીય સહાયની ખાતરી આપી હતી.

## ભારત-ભૂટાન સંબંધ

ભારત અને ભૂટાન અનન્ય અને અનુકરણીય દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે.

- જે પરસ્પર વિશ્વાસ, સદ્ભાવના અને સમજણ પર આધારિત છે.
- ભારત અને ભૂટાન વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો 1968માં સ્થાપિત થયા હતા.
- ભારત–ભૂટાન સંબંધોનું મૂળ માળખું એ બંને દેશો વચ્ચે 1949માં હસ્તાક્ષર કરાયેલ મિત્રતા અને સહકારની સંધિ છે.
- જેનું ફેબ્રુઆરી 2007માં નવીનીકરણીય કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાન દ્વારા દ્વિપક્ષીય સંબંધો આગળ વધ્યા છે.
- ભારત ભૂટાનનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. 2020માં દ્વિપક્ષીય વેપારનો હિસ્સો ભૂટાનના કુલ વેપારમાં 82.6% હતો.
- ભૂટાનની કુલ આયાતના 77.1% કરતા વધુ હિસ્સો ભારતમાંથી આયાત કરે છે.
- 1960ના દાયકાની શરૂઆતમાં જ્યારે ભૂટાને તેની પંચવર્ષીય યોજનાઓ શરૂ કરી ત્યારથી ભારત ભૂટાનના સામાજિક–આર્થિક વિકાસ માટે આર્થિક સહાયતા આપી રહ્યું છે.

## ભારત માટે ભૂટાનનું મહત્વ

ભૂટાન વ્યૂહાત્મક રીતે ભારત અને ચીન વચ્ચે સ્થિત છે.

- જે તેને ભારત માટે એક મહત્વપૂર્ણ બફર રાજ્ય બનાવે છે.
- ભૂટાનનું વ્યૂહાત્મક સ્થાન ભારતની સુરક્ષા સુનિશ્ચિત કરે છે. અને પ્રાદેશિક સ્થિરતા જાળવવામાં મદદ કરે છે.
- ભૂટાન ચાર ભારતીય રાજ્યો સાથે સરહદ વહેંચે છે : આસામ, અરૂણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ.
- ભૂટાનની હાલની સરહદોની સુરક્ષા ખાસ કરીને તેની પશ્ચિમી સરહદની સુરક્ષા ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.
- ભૂટાન ભારતીય કોમોડિટીઝ માટે બજાર પૂરું પાડે છે અને તે ભારતીય રોકાણ માટેનું સ્થળ છે.
- ભૂટાન હાઈડ્રોપાવરનો સમૃદ્ધ સ્ત્રોત છે.
- રાજકીય રીતે સ્થિર ભૂટાન ભારત માટે મહત્વપૂર્ણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભૂટાન

ભૂટાનનું સ્થાનિક નામ દ્રુક યુલ છે, જેનો અર્થ થાય છે, 'ગરજતા ડ્રેગનનો દેશ'.

- ભૂટાનની રાજધાની થિમ્ફુ છે.
- તેનું ચલણ Ngultrum (ન્ગુલટ્રમ) છે.
- ભૂટાનના વર્તમાન રાજા શ્રી જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક છે.
- ભૂટાનની સૌથી લાંબી નદી માનસ નદી છે જેની લંબાઈ 376 કિમીથી વધુ છે.
- માનસ નદી એ દક્ષિણ ભૂટાન અને ભારત વચ્ચે હિમાલયની તળેટીમાં સ્થિત એક સીમાવર્તી નદી છે.
- ભૂટાનમાં સંસદીય રાજાશાહી છે.
- ભૂટાન માત્ર બે દેશો વચ્ચે સરહદો વહેંચે છે : ભારત અને તિબેટ, જે ચીનનો સવાયત્ત પ્રદેશ છે.

1. 'વિશ્વ દયા દિવસ' અથવા તો 'વિશ્વ દયાળુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 નવેમ્બર (B) 11 નવેમ્બર (C) 12 નવેમ્બર (D) 13 નવેમ્બર **(D)**

2. તાજેતરમાં ભારતીય નૌકાદળ અને કયા દેશની નૌકાદળ વચ્ચે 'બોંગોસાગર-23' કવાયત યોજાઈ હતી ?

(A) શ્રીલંકા (B) ઈન્ડોનેશિયા (C) બાંગ્લાદેશ (D) માલદીવ **(C)**

3. તાજેતરમાં ભૂટાનના રાજા ભારતની મૂલાકાતે આવ્યા હતા. તેનું નામ જણાવો ?

(A) શ્રી જિગ્મે ખેસર નામગ્યાલમ (B) શ્રી ખાંડુ વાંગસુક નામગ્યાલમ

(C) શ્રી શેરિંગ થિન્લી નામગ્યાલમ (D) શ્રી યેશે ઝિમ્બા નામગ્યાલમ **(A)**

4. નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો.

1. ભારત અને ભૂટાન વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો 1968માં સ્થાપિત થયા હતા.
2. ભારત–ભૂટાન સંબંધોનું મૂળ માળખું એ બંને દેશો વચ્ચે 1949માં હસ્તાક્ષર કરાયેલ મિત્રતા અને સહકારની સંધિ છે. જેનું ફેબ્રુઆરી 2007માં નવીનીકરણીય કરવામાં આવ્યું હતું.
3. વ્યૂહાત્મક રીતે ભૂટાનની હાલની સરહદોની સુરક્ષા ખાસ કરીને તેની પશ્ચિમી સરહદની સુરક્ષા ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

5. નીચે આપેલ રાજ્યો પૈકી કયું રાજ્ય ભૂટાન સાથે સરહદ ધરાવતું નથી ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ (C) પશ્ચિમ બંગાળ (D) સિક્કિમ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 14 નવેમ્બર, (1) બાલ દિન (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન)
## (2) વિશ્વ ડાયાબિટીસ દિન (વિશ્વ મધુપ્રમેહ દિવસ)

### વિશ્વ ડાયાબિટીસ દિવસ





સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 14 નવેમ્બરના રોજ 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (IDF) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા વર્ષ 1991થી આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.
- ડાયાબિટીસની સારવાર માટે ઉપયોગી ઈન્સ્યુલીન શોધ કરનાર સર ફ્રેડ્રીક બેન્ટિંગનો જન્મદિન 14 નવેમ્બર 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' તરીકે ઉજવાય છે.
- સર ફ્રેડ્રીક બેન્ટિંગે ચાર્લ્સ બેસ્ટ સાથે મળીને વર્ષ 1922માં ઈન્સ્યુલીનની શોધ કરી હતી.
- સ્વાદુપિંડ પૂરતા પ્રમાણમાં ઈન્સ્યુલિન ઉત્પન્ન કરતું નથી અથવા શરીર ઉત્પાદિત ઈન્સ્યુલિનનો અસરકારક રીતે ઉપયોગ કરી શકતું નથી તેના કારણે તે બિન–ચેપી રોગ છે.
- ડાયાબિટીસના બે પ્રકાર છે : ટાઈપ-1 ડાયાબિટીસ અને ટાઈપ-2 ડાયાબિટીસ.
- સ્થૂળતા અને કસરતનો અભાવ ટાઈપ-2 ડાયાબિટીસના મુખ્ય કારણો છે.
- ટાઈપ-1 ડાયાબિટીસને રોકી શકતો નથી, પરંતુ તેને ઈન્સ્યુલિનના ઈન્જેક્શન વડે નિયંત્રિત કરી શકાય છે. ટાઈપ-2 ડાયાબિટીસ અટકાવી શકાય તેવું અને સારવાર યોગ્ય છે.
- વર્ષ 2021 થી 23ની 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની થીમ 'Access to diabetes care' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-અમેરિકા 2+2 મંત્રી સ્તરીય સંવાદ

તાજેતરમાં ભારત–અમેરિકા 2+2 મંત્રી સ્તરીય સંવાદ (India-US 2+2 Ministerial Dialogue)ની 5મી આવૃત્તિ યોજાઈ હતી.



- જેમાં બંને દેશોએ સંરક્ષણ, સેમિકન્ડક્ટર્સ, ઉભરતી તકનીક, અવકાશ, આરોગ્ય વગેરે સહિત દ્વિપક્ષીય સહયોગના વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો.
- નોંધનીય છે કે વર્ષ 2018થી યુએસ નેતાઓ સાથે વાર્ષિક 2+2 બેઠકો યોજવામાં આવી રહી છે.

## 2+2 બેઠક શું છે ?

2+2 બેઠકો બંને દેશોમાંથી દરેકના બે ઉચ્ચ–સ્તરના પ્રતિનિધિઓ, વિદેશ અને સંરક્ષણ વિભાગોના મંત્રીઓની સહભાગિતા સૂચવે છે.

- જેનો ઉદ્દેશ્ય તેમની વચ્ચે વાતચીતનો વ્યાપ વધારવાનો છે.
- આવી મિકેનિઝમ બંને પક્ષોના રાજકીય પરિબળોને ધ્યાનમાં લેતા ભાગીદારોને એકબીજાની વ્યૂહાત્મક ચિંતાઓ અને સંવેદનશીલતાને વધુ અસરકારક રીતે સમજવા અને મૂલ્ય આપવા સક્ષમ બનાવી શકે છે.
- તેનાથી બદલતા વૈશ્વિક વાતાવરણમાં મજબૂત અને વધુ સંકલિત વ્યૂહાત્મક સંબંધો બનાવવામાં મદદ મળે છે.
- અમેરિકા એ ભારતનું સૌથી જૂનું અને સૌથી અગ્રણી 2+2 સંવાદ ભાગીદાર છે.
- ભારતે અમેરિકા ઉપરાંત ઓસ્ટ્રેલિયા, જાપાન, યુનાઈટેડ કિંગ્ડમ અને રશિયાના મંત્રીઓ સાથે 2+2 બેઠકો કરી છે.

## ભારત-અમેરિકા 2+2 સંવાદની મુખ્ય વિશેષતાઓ

### સંરક્ષણ સોદા

બંને દેશો સંરક્ષણ તકનીકોમાં ઊંડી ભાગીદારીને પ્રોત્સાહિત કરતી વખતે સંરક્ષણ પ્રણાલીઓનો સહ–વિકાસ અને સહ–ઉત્પાદન કરવાનો હેતુ ધરાવે છે.

- ભારત અને અમેરિકા હાલમાં MQ-9B માનવરહિત હવાઈ વાહનો અને ભારતમાં જનરલ ઈલેક્ટ્રિકના F-414 જેટ એન્જિનના લાયસન્સ પ્રાપ્ત ઉત્પાદકની ખરીદી માટે સોદાની વાટાઘાટ કરી રહ્યા છે.
- આ સોદા ભારતની સંરક્ષણ ક્ષમતાને વધારવાના ભારતના લક્ષ્યને અનુરૂપ છે.
- બંને દેશો Security of Supply Arrangement (SOSA)ને અંતિમ સ્વરૂપ આપવા માટે તત્પર જોવા મળ્યા હતા, જે રોડ મેપમાં મુખ્ય પ્રાથમિકતા છે.
- અને તે સપ્લાય ચેઈન સુસંગતતાને મજબૂત કરીને બંને દેશોના સંરક્ષણ ઔદ્યોગિક ઈકોસિસ્ટમને એકિકૃત કરશે.

### પાયદળ લડાઈ વાહનો અને ભાવિ યોજનાઓ

બંને પક્ષોએ ડિફેન્સ ઈન્ડસ્ટ્રી કોઓપરેશન રોડમેપના ભાગરૂપે ઈન્ફન્ટ્રી કોમ્બેટ વાહનો, ખાસ કરીને સ્ટ્રાઈકરની ચર્ચા કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંરક્ષણ ટેક્નોલોજી સહકારમાં પ્રગતિ

બંને પક્ષોએ જૂન 2023માં શરૂ કરાયેલ ભારત–યુએસ સંરક્ષણ ઔદ્યોગિક ઈકોસિસ્ટમ, Indus-Xની પ્રગતિની સમીક્ષા કરી હતી.

- જેનો ઉદ્દેશ વ્યૂહાત્મક તકનીકી ભાગીદારી અને સંરક્ષણ ઔદ્યોગિક સહકારને વિસ્તારવાનો છે.

## સંયુક્ત દરિયાઈ દળોમાં સભ્યપદ

યુએસ ડિફેન્સ સેક્રેટરીએ બહેરીનમાં મુખ્યમથક ધરાવતા બહુપક્ષીય માળખાના સંયુક્ત દરિયાઈ દળોના સંપૂર્ણ સભ્ય બનવાના ભારતના નિર્ણયનું સ્વાગત કર્યુ હતું.

- આ પગલું પ્રાદેશિક દરિયાઈ સુરક્ષા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

## દરિયાઈ સુરક્ષા

મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગોની સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાના મહત્ત્વને ઓળખીને બંને દેશોએ ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું.

## અવકાશ અને સેમિકન્ડક્ટર સહયોગ

મંત્રીઓએ વ્યાપારી અને સંરક્ષણ બંને ક્ષેત્રોમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી તથા ક્રિટિકલ ટેક્નોલોજી મૂલ્ય શૃંખલા સહયોગનું નિર્માણ કરવા માટે ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી (iCET) પર ભારત–યુએસ પહેલ હેઠળ ઝડપી પ્રગતિને આવકારી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત સરકારે શહેરો માટે AAINA ડેશબોર્ડ લોન્ચ કર્યુ



આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયએ 'AAINA ડેશબોર્ડ ફોર સિટીઝ' પોર્ટલ શરૂ કર્યુ છે.

- જે સ્થાનિક શહેરી સંસ્થાઓ (ULBs) માટે સ્વૈચ્છિક રીતે ચાવીરૂપ ડેટા સબમિટ કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- AAINAનો હેતુ શહેરોને અન્યની તુલનામાં તેમના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવામાં મદદ કરવાનો છે.
- તથા તે સંભવિત અને વૃદ્ધિના ક્ષેત્રોને પ્રકાશિત કરીને શહેરોને પ્રેરણા આપવાનો હેતુ ધરાવે છે.
- ડેશબોર્ડ ડેટાને પાંચ સ્તંભોમાં વર્ગીકૃત કરે છે : રાજકીય અને વહીવટી માળખું, નાણા, આયોજન, નાગરિક–કેન્દ્રિત શાસન અને મૂળભૂત સેવાઓની ડિલિવરી

- શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULB) યુઝર–ફ્રેન્ડલી પોર્ટલ દ્વારા નિયમિત રીતે ઓડિટ કરાયેલા એકાઉન્ટ્સ અને સ્વ–રિપોર્ટ કરેલા પ્રદર્શન મેટ્રિક્સ સહિતનો ડેટા સબમિટ કરશે.
- AAINAની કલ્પના ULB સંબંધિત ડેટા માટે એક ટકાઉ પ્લેટફોર્મ તરીકે કરવામાં આવી છે, જે મુખ્ય પ્રદર્શન મેટ્રિક્સનો વ્યાપક ડેટાબેઝ છે.
- ડેશબોર્ડનો હેતુ સક્રિય ULB સહયોગ સાથે સાર્વજનિક સંસાધનને સુનિશ્ચિત કરવાનો છે, જે હિસ્સેદારોને એકત્રિત ડેટાને એક્સેસ કરવા અને તેનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે.



| | |
|---|---|
| 1. ભારતમાં 'બાલ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર | (C) |
| 2. ભારતમાં કોનો જન્મદિન 'બાલ દિન' તરીકે ઉજવાય છે ?<br>(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ<br>(C) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (D) ડો. રાધાકૃષ્ણન | (A) |
| 3. 'વિશ્વ ડાયાબિટીસ દિન' અથવા તો 'વિશ્વ મધુપ્રમેહ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર | (C) |
| 4. વર્ષ 2021 થી 2023 સુધીની 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની થીમ શું છે ?<br>(A) Covid-19 and Diabetes (B) The Doctor and Diabetes<br>(C) Access to Diabetes (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં | (C) |
| 5. તાજેતરમાં ભારત–અમેરિકા 2+2 મંત્રી સ્તરીય સંવાદ (India-US 2+2 Ministerial Dialogue)ની કેટલામી આવૃત્તિ યોજાઈ હતી ?<br>(A) ચોથી (B) પાંચમી (C) છઠ્ઠી (D) સાતમી | (B) |
| 6. તાજેતરમાં ભારત સરકારે AAINA ડેશબોર્ડ લોન્ચ કર્યુ હતું. તે નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે ?<br>(A) કોલસા ખાણ (B) નેશનલ હાઈવે (C) મેડિકલ શિક્ષણ (D) શહેરો | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 નવેમ્બર, જનજાતિય ગૌરવ દિવસ અથવા આદિવાસી ગૌરવ દિવસ

ભારતમાં 15 નવેમ્બરના રોજ 'આદિવાસી ગૌરવ દિવસ' અથવા 'જનજાતિય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 10 નવેમ્બર, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે 15 નવેમ્બરને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- આ દિવસને ભારતની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થયાની યાદમાં જાહેર કરવામાં આવ્યો હતો.
- 15 નવેમ્બર એ શ્રી બિરસામુંડાની જન્મજયંતિ પણ છે, જેને સમગ્ર ભારતમાં આદિવાસી સમુદાયો દ્વારા ભગવાન તરીકે પૂજવામાં આવે છે.
- આથી, 15 નવેમ્બરને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓનું સ્મરણ કરે છે.
- આદિવાસીઓના સાંસ્કૃતિક વારસાની જાળવણી અને રાષ્ટ્રીય ગૌરવ, શૌર્ય અને અતિથ્યના ભારતીય મૂલ્યોને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને માન્યતા આપવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### શ્રી બિરસા મુંડા વિશે



ભારતીય સ્વાતંત્ર્ય સેનાની શ્રી બિરસા મુંડાનો જન્મ 15 નવેમ્બર, 1875ના રોજ ઝારખંડના ખુટી જિલ્લાના ઉલિહાટુ ગામમાં થયો હતો.

- શ્રી બિરસા મુંડા માનતા હતા કે ભગવાન દ્વારા લોકોના કલ્યાણ માટે અને તેમના દુ:ખ દૂર કરવા માટે મોકલવામાં આવ્યા છે. તેથી તેઓ પોતાને ભગવાન માનતા હતા.
- તેમને 'ધરતી અબ્બા' (Dharti Abba) અથવા 'વિશ્વના પિતા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 1899-1900માં તેમની આગેવાની હેઠળનો મુંડા બળવો એ છોટા નાગપુર (ઝારખંડ) પ્રદેશમાં સૌથી વધુ ચર્ચિત બળવો હતો. તેને 'મુંડા ઉલગુલાન' (બળવો) પણ કહેવામાં આવે છે.
- આ બળવો મુંડા જનજાતિની પરંપરાગત પ્રણાલીમાંથી ખુંટકટીની જમીનદારી પ્રણાલીમાં પરિવર્તનના કારણે શરૂ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રોડક્શન ગેપ રિપોર્ટ 2023

સ્ટોકહોમ એન્વાયર્નમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (SEI), ક્લાઈમેટ એનાલિટિક્સ, E3G, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (IISD) અને યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા તાજેતરમાં 'પ્રોડક્શન ગેપ રિપોર્ટ 2023' પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

- રિપોર્ટમાં પેરિસ કરારના તાપમાનના લક્ષ્યાંકોને અનુરૂપ વૈશ્વિક સ્તરો સામે કોલસા, તેલ અને ગેસના સરકારના આયોજિત અને અંદાજિત ઉત્પાદનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.
- પ્રોડક્શન ગેપ એ સરકારના આયોજિત અશ્મિભૂત ઈંધણના ઉત્પાદન અને ગ્લોબલ વોર્મિંગને 1.5°C અથવા 2°C સુધી મર્યાદિત રાખવા સાથે સુસંગત વૈશ્વિક ઉત્પાદન સ્તર વચ્ચેનો તફાવત છે.

### રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ



સરકારો 1.5° સે વોર્મિંગ મર્યાદાને પહોંચી વળવા માટે 2030માં અશ્મિભૂત ઈંધણનું ઉત્પાદન બમણું કરવાની યોજના ધરાવે છે.

- આ અનુમાન 2°Cના લક્ષ્યાંક કરતા 69% વધુ છે, જે વધુ મહત્ત્વાકાંક્ષી આબોહવા પગલાની તાકીદની જરૂરિયાત પર ભાર મૂકે છે.
- એકંદરે સરકારી યોજનાઓ અને અંદાજો 2030 સુધીમાં વૈશ્વિક કોલસાના ઉત્પાદનમાં અને ઓછામાં ઓછા 2050 સુધીમાં વૈશ્વિક તેલ અને ગેસ ઉત્પાદનમાં વધારો કરશે.
- મુખ્ય ઉત્પાદક દેશોએ ચોખ્ખી–શૂન્ય ઉત્સર્જન હાંસલ કરવાની પ્રતિજ્ઞા લીધી છે અને અશ્મિભૂત ઈંધણના ઉત્પાદનમાંથી ઉત્સર્જન ઘટાડવાની પહેલ શરૂ કરી છે.
- પરંતુ કોઈએ પણ કોલસો, તેલ અને ગેસના ઉત્પાદનને 1.5° સે સુધી મર્યાદિત રાખવા સાથે સંરેખિત કર્યા નથી, તેને ઘટાડવા માટે કોઈ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી નથી.
- રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે સરકારોએ તેમની યોજનાઓ, આગાહીઓ અને અશ્મિભૂત ઈંધણ ઉત્પાદન માટેના સમર્થન તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આબોહવા લક્ષ્યો સાથેના તેમના સંતુલન વિશે વધુ પારદર્શક હોવું જોઈએ.

**નોંધ :** (1) ભારતની NDC 2005ના સ્તરની સરખામણીમાં 2030 સુધીમાં ઉત્સર્જનની તીવ્રતામાં 45% ઘટાડો કરવાનું લક્ષ્ય રાખે છે.

(2) ભારતનો ધ્યેય 2030 સુધીમાં 50% બિન–અશ્મિભૂત ઊર્જા ક્ષમતા હાંસલ કરવાનો છે.

(3) ભારતના અપડેટ થયેલ NDCએ 2070 સુધીમાં નેટ–શૂન્ય ઉત્સર્જન લક્ષ્ય તરફનું એક પગલું છે.

## ICC હોલ ઓફ ફેમ




ભારતના ભૂતપૂર્વ ઓપનર <u>શ્રી વિરેન્દ્ર સેહવાગ</u>, ભારતીય મહિલા ક્રિકેટર <u>સુશ્રી ડાયના એડુલજી</u> તથા શ્રીલંકાના <u>શ્રી અરવિંદ ડી સિલ્વાને</u> <u>ICC હોલ ઓફ ફેમમાં</u> સ્થાન મળ્યું છે.

- મુંબઈના વાનખેડે ખાતે ભારત અને ન્યુઝિલેન્ડ વચ્ચે રમાયેલ સેમિફાઈનલ મેચ દરમિયાન તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.
- <u>શ્રી વિરેન્દ્ર સેહવાગે</u> ભારતે જીતેલા બે વર્લ્ડ કપ (2007 T-20 અને 2011 વન–ડે)માં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી.
- આ ઉપરાંત <u>ટેસ્ટ ક્રિકેટમાં</u> બેટિંગ બદલવાનો શ્રેય શ્રી વિરેન્દ્ર સેહવાગના ફાળે જાય છે.
- સુશ્રી ડાયના એડુલજીએ <u>17 વર્ષ સુધી ભારતનું પ્રતિનિધિત્વ</u> કર્યુ હતું. અને તેઓ ICC હોલ ઓફ ફેમમાં સ્થાન મેળવનાર <u>ભારતના પ્રથમ મહિલા ક્રિકેટર</u> છે.
- જ્યારે <u>શ્રી અરવિંદ ડી સિલ્વા</u>એ <u>1996ના વર્લ્ડ કપમાં</u> શ્રીલંકાની સફળતામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.




1. 'જન જાતિય ગૌરવ દિવસ' અથવા 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 15 નવેમ્બર (B) 16 નવેમ્બર (C) 17 નવેમ્બર (D) 18 નવેમ્બર

(A)

2. 15 નવેમ્બર કયા સ્વાતંત્ર્ય સેનાનીની જન્મ જયંતિ છે. જેની યાદમાં 'આદિવાસી ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) શ્રી અલ્લુરી સીતા રામન (B) શહીદ વીર નારાયણ સિંહ

(C) શ્રી બિરસા મુંડા (D) શ્રી કાન્હુ મુર્મુ

(C)

3. તાજેતરમાં 'પ્રોડક્શન ગેપ રિપોર્ટ 2023' પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે સ્ટોકહોમ એન્વાયર્નમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (SEI), ક્લાયમેટ એનાલિટિક્સ, E3G, IISD અને UNEP દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે.
2. રિપોર્ટમાં પેરિસ કરારના તાપમાનના લક્ષ્યાંકોને અનુરૂપ વૈશ્વિક સ્તરો સામે કોલસા, તેલ અને ગેસના સરકારના આયોજિત અને અંદાજિત ઉત્પાદનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.
3. પ્રોડક્શન ગેપ એ સરકારના આયોજિત અશ્મિભૂત ઈંધણના ઉત્પાદન અને ગ્લોબલ વોર્મિંગને 1.5°C અથવા 2°C સુધી મર્યાદિત રાખવા સાથે સુસંગત વૈશ્વિક ઉત્પાદન સ્તર વચ્ચેનો તફાવત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 3 (D) 1, 2 અને 3

(D)

4. તાજેતરમાં નીચેના પૈકી કોને ICC હોલ ઓફ ફેમમાં સ્થાન મળ્યું છે ?

(A) શ્રી વિરેન્દ્ર સેહવાગ (B) સુશ્રી ડાયના એડુલજી

(C) શ્રી અરવિંદ ડી સિલવા (D) ઉપરોક્ત ત્રણેય

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 નવેમ્બર, (1) રાષ્ટ્રીય પ્રેસ દિવસ અથવા રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ (National Press Day)
## (2) આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ (International Day for Tolerance)
## (3) ઓડિટ દિવસ

### રાષ્ટ્રીય પ્રેસ દિવસ




ભારતમાં 16 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં અખબારો અને સમાચાર એજન્સીઓના ધોરણોને જાળવવા અને સુધારીને પ્રેસની સ્વતંત્રતા જાળવવાના બે ઉદ્દેશ્ય સાથે 'પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક્ટ, 1965' હેઠળ 16 નવેમ્બર, 1966ના રોજ 'પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' (PCI)ની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની યાદમાં 16 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 1954માં રચાયેલ પ્રથમ પ્રેસ કમિશને ભારતમાં પત્રકારત્વની નીતિમતા અને પ્રેસની સ્વતંત્રતાના રક્ષણની વાત કરી હતી.
- તેના લગભગ 10 વર્ષ પછી પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)ની રચના થઈ હતી.
- પ્રેસ કાઉન્સિલ એક્ટ, 1978 સંસદના અધિનિયમ હેઠળ, અર્ધ–ન્યાયિક સ્વાયત્ત સત્તા તરીકે વર્ષ 1979માં તેની પુનઃસ્થાપના કરવામાં આવી હતી.
- પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એકમાત્ર એવી સંસ્થા છે જે પ્રેસની સ્વતંત્રતાના રક્ષણની તેની ફરજમાં, રાજ્યના સાધનો પર પણ સત્તાનો ઉપયોગ કરે છે.
- કાઉન્સિલ એક કોર્પોરેટ બોડી છે જેમાં ચેરમેન અને 28 સભ્યો હોય છે, તેમાં અધ્યક્ષની પસંદગી લોકસભાના અધ્યક્ષ, રાજ્યસભાના અધ્યક્ષ અને પરિષદના 28 સભ્યો દ્વારા કરવામાં આવે છે.

### ઓડિટ દિવસ

ભારતમાં 16 નવેમ્બરના રોજ ત્રીજા 'ઓડિટ દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EX ®

- 16 નવેમ્બર, 2021ના રોજ પ્રથમ વખત 'ઓડિટ દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.
- ઓડિટ દિવસ ભારતના CAGની ઐતિહાસિક ઉત્પતિને એક સંસ્થા તરીકે અને વર્ષોથી તેના શાસન પારદર્શિતા અને જવાબદારીમાં તેમને ચિહ્નિત કરવા માટે ઉજવવામાં આવે છે.
- CAGનું પૂરું નામ 'Comptroller and Auditor General of India' છે.
- ભારતીય બંધારણના ભાગ-5 અંતર્ગત અનુચ્છેદ-148માં ભારતના CAGની જોગવાઈ કરવામાં આવી છે. જેને ટૂંકમાં 'મહાલેખા પરીક્ષક' પણ કહેવામાં આવે છે.

## છઠ્ઠો ભારત-OPEC ઊર્જા સંવાદ (6th India OPEC Energy Dialogue)




ભારત અને પેટ્રોલિયમ નિકાસ કરતા દેશોનું સંગઠન (OPEC) વચ્ચે ઊર્જા સંવાદ હેઠળ છઠ્ઠી ઉચ્ચ–સ્તરીય બેઠક 9 નવેમ્બર, 2023ના રોજ ઓસ્ટ્રિયાના વિયેનામાં OPEC સચિવાલયમાં યોજાઈ હતી.

- બેઠકમાં તેલ અને ઊર્જા બજારના મહત્ત્વના પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- જેમાં ખાસ કરીને ઉપલબ્ધતા, સામર્થ્ય અને સ્થિરતા સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જે ઊર્જા બજારોની સ્થિરતાને સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે.
- બંને પક્ષોએ OPEC અને ભારત વચ્ચેના સહકારને પ્રોત્સાહન આપવાના મહત્ત્વને રેખાંકિત કરીને બેઠકનું સમાપન કર્યુ હતું.
- વર્લ્ડ ઓઈલ આઉટલુક 2023નો અંદાજ છે કે ભારતનું અર્થતંત્ર 2022-2045 વચ્ચે સરેરાશ લાંબાગાળાની 6.1 ટકા વૃદ્ધિ સાથે સૌથી ઝડપથી વિકસતું મુખ્ય વિકાસશીલ અર્થતંત્ર હશે અને તે જ સમયગાળા દરમિયાન વધતી જતી વૈશ્વિક ઊર્જા માંગ 28 ટકાથી વધી જશે.
- બંને પક્ષોએ વૈશ્વિક આર્થિક વૃદ્ધિ અને ઊર્જા માંગમાં ભારતની મહત્ત્વની ભૂમિકાને ત્રીજા સૌથી મોટા ઊર્જા ઉપભોક્તા, ક્રૂડ ઓઈલના આયાતકાર અને ચોથા સૌથી મોટા વૈશ્વિક ઓઈલ રિફાઈનર તરીકે સ્વીકારી હતી.
- આ બેઠકમાં પુનઃપ્રાપ્ય ઊર્જા, ઊર્જા કાર્યક્ષમતા, હાઈડ્રોજન અર્થતંત્ર અને આબોહવા પરિવર્તન શમનના ક્ષેત્રોમાં ભારતની સિદ્ધિઓ અને પહેલોનો પણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત વર્ષ 2024માં ભારતમાં ભારત-OPEC ઊર્જા સંવાદ હેઠળ આગામી ઉચ્ચ–સ્તરીય બેઠક યોજવા માટે સંમત થયા હતા.

## OPEC

**14 સપ્ટેમ્બર, 1960**ના રોજ **ઈરાક**ના **બગદાદ**માં પ્રથમ પાંચ સભ્યો **ઈરાન**, **ઈરાક**, **સાઉદી અરેબિયા** અને **વેનેઝુએલા** દ્વારા **OPEC**ની સ્થાપના કરવામાં આવી હતી.

- તેનું પૂરું નામ '**Organization of the Petroleum Exporting Counries**' છે.
- તેનું વડું મથક **ઓસ્ટ્રિયાના વિયેના** ખાતે આવેલું છે.
- OPECમાં વર્તમાન **13 સભ્યો** દેશોનો સમાવેશ થાય છે.
- આ 13 સભ્ય દેશોમાં અલ્જેરિયા, અંગોલા, કોંગો, વિષુવવૃત્તીય ગિની, ગેબોન, ઈરાન, ઈરાક, કુવૈત, લિબિયા, નાઈજીરીયા, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમિરાત અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે.
- OPEC **અન્ય 10** સંલગ્ન મુખ્ય તેલ ઉત્પાદકો દેશો સાથે **OPEC +** તરીકે ઓળખાય છે.
- OPEC + દેશોમાં અઝરબૈજાન, બહેરિન, બ્રુનેઈ, કઝાકિસ્તાન, મલેશિયા, મેક્સિકો, ઓમાન, રશિયા, દક્ષિણ સુદાન અને સુદાન સહિત 13 OPEC સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
- આ સંસ્થાનો હેતુ તેના સભ્યો દેશોની પેટ્રોલિયમ નીતિઓનું સંકલન કરવાનો છે અને ગ્રાહકને પેટ્રોલિયમનો કાર્યક્ષમ, આર્થિક અને નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવા તેલ બજારોની સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે.
- વર્ષ **2018**ના અંદાજ અનુસાર તેઓ વિશ્વના લગભગ **40% ક્રુડ તેલ** અને **80% ટકા** વિશ્વના તેલ ભંડાર ધરાવે છે.

## OBC અને અન્ય માટે શ્રેયસ યોજના

યુવા વિજેતાઓ માટે ઉચ્ચ શિક્ષણ માટેની યોજના **શ્રેયસ (Scholarships for Higher Education for Young Achievers Scheme-SHREYAS)**ને OBC અને EBC માટે ચાલી રહેલી બે કેન્દ્રીય ક્ષેત્રની યોજનાઓનો સમાવેશ કરવા અને **વર્ષ 2021-22 થી 2025-26 દરમિયાન** તેનો અમલ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

- આ યોજનાઓમાં OBC માટે રાષ્ટ્રીય ફેલોશિપ તથા OBC અને EBC માટે વિદેશમાં અભ્યાસ માટે શૈક્ષણિક લોન પર વ્યાજ સબસિડીની ડો. આંબેડકર કેન્દ્રીય ક્ષેત્રની યોજનાનો સમાવેશ થાય છે.

### શ્રેયસ યોજના

તેમનો મુખ્ય ઉદ્દેશ **OBC અને EBC વિદ્યાર્થીઓને** ગુણવત્તાયુક્ત **ઉચ્ચ શિક્ષણ મેળવવા** માટે ફેલોશિપ (નાણાકીય સહાય) અને **વિદેશમાં અભ્યાસ માટે** શૈક્ષણિક લોન પર વ્યાજ સબસિડી આપીને શૈક્ષણિક રીતે સશક્તિકરણ કરવાનો છે.

- **સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય** તેનું નોડલ મંત્રાલય છે.

## મુખ્ય ઘટક

## OBC માટે રાષ્ટ્રીય ફેલોશિપ

તેનો ઉદ્દેશ્ય વિવિધ માન્ય યુનિવર્સિટીઓ, સંશોધન અને વૈજ્ઞાનિક સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણ, ખાસ કરીને એમ.ફીલ અને પી.એચ.ડી. કરી રહેલા OBC વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.

- આ યોજના અદ્યતન અભ્યાસ અને સંશોધન માટે વાર્ષિક 1000 જુનિયર રિસર્ચ ફેલોશિપ (નાણાકીય સહાય) પૂરી પાડે છે.
- આ ફેલોશિપ એવા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે જેઓ વિશિષ્ટ પરીક્ષણો જેમ કે UGC-NET અથવા UGC-CSIR NET-JRF સંયુક્ત પરીક્ષા દ્વારા લાયકાત ધરાવતા હોય.

## મુખ્ય વિશેષતાઓ

આ નાણાકીય સહાય રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમ (સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળની ભારત સરકારની ઉપક્રમ) દ્વારા પૂરી પાડવામાં આવે છે.

- આકસ્મિકતાઓ ઉપરાંત ફેલોશિપ દરો JRF માટે દર મહિને રૂ.31,000 અને SRF માટે રૂ.35,000 પ્રતિ માસ નક્કી કરવામાં આવ્યા છે.
- વિકલાંગ વિદ્યાર્થીઓ માટે બેઠકોનું આરક્ષણ અને અનામત સરકારી ક્વાટોના બહાર વધારાના સ્લોટ ઉપલબ્ધ છે.
- UGC આ યોજનાનો અમલ કરવા માટે નોડલ એજન્સી છે.





1. ભારતમાં 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર **(C)**

3. ભારતમાં કયા દિવસે 'ઓડિટ દિવસ'નું આયોજન કરવામાં આવે છે ?

(A) 16 નવેમ્બર (B) 17 નવેમ્બર (C) 18 નવેમ્બર (D) 19 નવેમ્બર **(A)**

4. તાજેતરમાં છઠ્ઠો ભારત-OPEC ઊર્જા સંવાદ OPEC સચિવાલયમાં યોજાયો હતો. આ 'OPEC' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?

1. તેનું પૂરું નામ 'Organization of the Petroleum Exporting Countries' છે.
2. OPECમાં વર્તમાન 13 સભ્ય દેશનો સમાવેશ થાય છે. તથા તે અન્ય 10 સંલગ્ન મુખ્ય તેલ ઉત્પાદકો દેશો સાથે OPEC + તરીકે ઓળખાય છે.
3. આ સંસ્થાનો ઉદ્દેશ તેના સભ્ય દેશોની પેટ્રોલિયમ નીતિઓનું સંકલન કરવાનો છે.
4. તેનું વડું મથક ઓસ્ટ્રિયાના વિયેના ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'શ્રેયસ યોજના' (SHREYAS Scheme) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનો મુખ્ય ઉદ્દેશ OBC અને EBC વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે નાણાકીય સહાય અને વિદેશમાં અભ્યાસ માટે શૈક્ષણિક લોન પર વ્યાજ સબસિડી આપવાનો છે.
2. વર્ષ 2014માં આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
3. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય તેનું નોડલ મંત્રાલય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો


(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(A)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 17 નવેમ્બર, રાષ્ટ્રીય એપીલેપ્સી દિવસ

મગજના વિકાર વિશે જાગૃતિ લાવવા અને આ રોગથી સંબંધિત માન્યતાઓને તોડવા માટે ભારતમાં દર વર્ષે 17 નવેમ્બરે 'રાષ્ટ્રીય એપીલેપ્સી દિવસ' ઉજવવામાં આવે છે.

- એપીલેપ્સી એ સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ડિસઓર્ડર છે જેમાં મગજની પ્રવૃત્તિ અસામાન્ય બની જાય છે.
- જેના કારણે હુમલા અથવા અસામાન્ય વર્તન, ચેતનાની ખોટ અને ક્યારેક જ્ઞાનાત્મક ક્ષતિ થાય છે.
- મગજ ચેતા કોષોના નેટવર્ક સાથે વ્યવસ્થિત વિદ્યુત આવેગ ઉત્પન્ન કરે છે, પરંતુ એપીલેપ્સીમાં આ સંતુલન ખોરવાય છે અને તેથી ચેતના, હલનચલન અથવા સંવેદનાઓને અસર કરે છે.
- WHOના જણાવ્યા અનુસાર વિશ્વભરમાં લગભગ 50 મિલિયન લોકો એપીલેપ્સીથી પીડાય છે અને ભારતમાં લગભગ 10-20% વસતી છે.
- એપીલેપ્ટીક હુમલાને મગજની અસામાન્ય પ્રવૃત્તિના આધારે વ્યાપકપણે ફોકલ અને સામાન્યીકૃત હુમલામાં વર્ગીકૃત કરવામાં આવે છે.




- ફોકલ હુમલાથી સંક્ષિપ્ત ભાવનાત્મક ફેરફારો, અનૈચ્છિક હલનચલન અને ચક્કર જેવા લક્ષણો થઈ શકે છે.

**નોંધ :** દર વર્ષે ફેબ્રુઆરીના બીજા સોમવારને 'આંતરરાષ્ટ્રીય એપીલેપ્સી ડે' (IED) તરીકે મનાવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આઈસલેન્ડમાં ભૂકંપ

દક્ષિણપશ્ચિમ રેકજેનેસ દ્વીપકલ્પમાં 14 કલાકથી ઓછા સમયમાં શ્રેણીબદ્ધ 800 ભૂકંપ આવ્યા બાદ આઈસલેન્ડે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે.

- આઈસલેન્ડમાં એક જ દિવસમાં લગભગ 1400 ભૂકંપ આવ્યા હતા.
- નોંધનીય છે કે ઓક્ટોબર 2023ના અંતથી દ્વીપકલ્પમાં 24,000થી વધુ સિસ્મિક ઘટનાઓ બની છે.
- તેમાંના સૌથી શક્તિશાળી ભૂકંપ 5.2ની તીવ્રતા સાથે આઈસલેન્ડની રાજધાની રેકજાવિકથી લગભગ 40 કિ.મી. દૂર નોંધાયા હતા.
- આઈસલેન્ડ મધ્ય–એટલાન્ટિક રિજ પર સ્થિત છે, જે તકનીકી રીતે વિશ્વની સૌથી લાંબી પર્વતમાળા છે.
- આ પર્વતમાળા યુરેશિયન અને ઉત્તર અમેરિકાની ટેકટોનિક પ્લેટોને એકબીજાથી અલગ કરે છે, પરિણામે આ પ્રદેશ ભૂકંપ પ્રવૃત્તિનું કેન્દ્ર બની જાય છે.

- મિડ–એટલાન્ટિક રિજ એ એક અલગ અથવા રચનાત્મક પ્લેટની સીમા છે. જ્યાં ટેકટોનિક પ્લેટ એકબીજાથી દૂર જાય છે, પરિણામે નવા સમુદ્રી પોપડાની રચના થાય છે.
- આ ભૂકંપના ઘટનાઓની આવર્તનની સરેરાશ લગભગ 26,000 છે.

**નોંધ :** (1) આઈસલેન્ડમાં કુલ 33 સક્રિય જ્વાળામુખી છે.

(2) આઈસલેન્ડના સૌથી પ્રસિદ્ધ જ્વાળામુખીમાંથી એક આઈઝફજલ્લાજોકુલ 2010માં ફાટી નિકળ્યો હતો. જેના પરિણામે મોટા પ્રમાણમાં રાખના વાદળ બન્યા હતા.



## FRIDAY Questions

1. ‘રાષ્ટ્રીય એપીલેપ્સી દિવસ’ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. તે 17 નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.
   2. મગજના વિકાર વિશે જાગૃતિ લાવવા અને આ રોગથી સંબંધિત માન્યતાઓને તોડવા માટે ભારતમાં આ દિવસ ઉજવાય છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) માત્ર 1 (B) માત્ર 2
   (C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

2. તાજેતરમાં કયા દેશમાં ભૂકંપના અસંખ્ય આંચકા આવ્યા બાદ દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી ?

   (A) આઈસલેન્ડ (B) નેપાળ (C) ભૂટાન (D) સ્વિત્ઝર્લેન્ડ **(A)**







## આદિવાસી જૂથો માટે મુખ્ય પહેલ

તાજેતરમાં 15 નવેમ્બરના જનજાતિય ગૌરવ દિવસના અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાસ કરીને નબળા આદિવાસી જૂથો (PVTG)ની સુરક્ષા અને તેમની કલ્યાણ યોજનાઓને છેલ્લા માઈલ સુધી પહોંચાડવા માટે ત્રણ મુખ્ય પહેલોની શરૂઆત કરી છે.

- આ પહેલો આ મુજબ છે :

    (1) પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી મહા અભિયાન (PM JANMAN)

    (2) વિકસિત ભારત સંકલ્પ યાત્રા

    (3) PM-PVTG મિશન

### PM JANMAN

પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી મહા અભિયાન (PM JANMAN)નો હેતુ વિવિધ આદિવાસી જૂથોને જરૂરી સહાય પૂરી પાડવાનો છે, ખાસ કરીને જેઓ લુપ્ત થવાના આરે છે.

- અને તેમને વિકાસ અને મુખ્ય પ્રવાહની સેવાઓ અને તકો સાથે કનેક્ટિવિટી પ્રદાન કરીને તેમનું રક્ષણ અને સંવર્ધન કરવાનો છે.
- આ પહેલ 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રહેતા 75 ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથો (PVTG)ને આવરી લે છે, જેઓ 220 જિલ્લાના 22,544 ગામડાઓમાં રહે છે.
- લગભગ 28 લાખ લોકો આ ઓળખાયેલા આદિવાસી જૂથોના છે.
- આ અભિયાન આદિવાસી સમુદાયોના ઉત્થાન અને રક્ષણ માટે તેમના સાંસ્કૃતિક વારસાને જાળવવા અને તેમને મુખ્ય પ્રવાહની વિકાસ પ્રક્રિયામાં સામેલ કરવા માટેની સરકારની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી છે.
- તે તેમના સામાજિક–આર્થિક સશક્તિકરણને સુનિશ્ચિત કરતી વખતે આદિવાસીઓની વસતી અને આવશ્યક સેવાઓ વચ્ચેના અંતરને ઘટાડવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.



## વિકસિત ભારત સંકલ્પ યાત્રા

આ યાત્રાનો મુખ્ય હેતુ લોકો સુધી પહોંચવાનો, તેમનામાં જાગૃતિ લાવવા અને તેમને સ્વચ્છતા સુવિધાઓ, આવશ્યક નાણાકીય સેવાઓ, વીજળી જોડાણો, એલ.પી.જી સિલિન્ડર સુધી પહોંચ, ગરીબોને આવાસ, ખાદ્ય સુરક્ષા, યોગ્ય પોષણ, વિશ્વસનીય આરોગ્ય સંભાળ, સ્વચ્છ પીવાનું પાણી વગેરે જેવી કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

- યાત્રા દરમિયાન પ્રાપ્ત વિગતો દ્વારા સંભવિત લાભાર્થીઓની નોંધણી કરવામાં આવશે.
- પ્રારંભિક તબક્કામાં આ યાત્રા નોંધપાત્ર આદિવાસી વસતી ધરાવતા જિલ્લાઓથી શરૂ થશે અને સમગ્ર દેશના તમામ જિલ્લાઓને આવરી લેશે.

## PM-PVTG મિશન

PM-PVTG ડેવલપમેન્ટ મિશન પ્રોગ્રામનો હેતુ નબળા આદિવાસી જૂથો (PVTG)ની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવાનો છે.

- આ માટે કેન્દ્રીય બજેટમાં અનુસૂચિત જનજાતિ માટે 24,000 કરોડ રૂપિયાની ઉપલબ્ધતાની કલ્પના કરવામાં આવી છે.
- આ મિશનમાં પછાત અનુસૂચિત જનજાતિના લોકોને સલામત આવાસ, પીવાનું શુદ્ધ પાણી અને સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય અને પોષણ, વસાહતોમાં રસ્તાઓ સુધી વધુ સારી પહોંચ જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર (RVP)

તાજેતરમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયે પદ્મ પુરસ્કાર અને અન્ય રાષ્ટ્રીય પુરસ્કારોની જેમ 'રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર'ની જાહેરાત કરી છે.

## રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર શું છે ?

રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કારમાં નીચે મુજબના પુરસ્કારો સામેલ છે :

**(1) વિજ્ઞાન રત્ન પુરસ્કાર :**

- આ પુરસ્કાર વિજ્ઞાન અને ટેક્નોલોજીના કોઈપણ ક્ષેત્રમાં આજીવન સિદ્ધિઓ અને યોગદાનને માન્યતા આપશે.

**(2) વિજ્ઞાન શ્રી પુરસ્કાર :**

- આ પુરસ્કાર વિજ્ઞાન અને ટેક્નોલોજીના કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાનને માન્યતા આપશે.

**(3) વિજ્ઞાન ટીમ પુરસ્કાર :**

- આ પુરસ્કાર ત્રણ કે તેથી વધુ વૈજ્ઞાનિકો/સંશોધકો/ઈનોવેટર્સની ટીમને આપવામાં આવશે જેમણે વિજ્ઞાન અને ટેક્નોલોજીના કોઈપણ ક્ષેત્રમાં ટીમમાં કામ કરતી વખતે અસાધારણ યોગદાન આપ્યું છે.

**(4) વિજ્ઞાન યુવા–શાંતિ સ્વરૂપ ભટનાગર (VY-SSB) :**

- આ પુરસ્કાર યુવા વૈજ્ઞાનિક (મહત્તમ 45 વર્ષ) માટે ભારતમાં સર્વોચ્ચ બહુવિધ વિજ્ઞાન પુરસ્કાર છે.
- તેનું નામ CSIRના સ્થાપક અને ડિરેક્ટર શાંતી સ્વરૂપ ભટનાગરના નામ પરથી રાખવામાં આવ્યું છે. જેઓ પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી હતા.

## માપદંડ

પુરસ્કાર વિવિધ માપદંડોને આવરી લે છે જેમાં ટેક્નોલોજી–આધારિત નવીનતાઓ અને સહયોગી ટીમના પ્રયાસોનો સમાવેશ થાય છે.

- અગાઉના પુરસ્કારોથી વિપરિત RVP વિજ્ઞાન યુવા–SSB પુરસ્કાર સિવાય વય મર્યાદાઓ લાદતું નથી, જે વય અને લિંગ પૂર્વગ્રહને સંબોધવા માટેના આહવાનને અનુરૂપ છે.
- પુરસ્કારો માટે નામાંકન દર વર્ષે <u>14 જાન્યુઆરી</u>એ આમંત્રિત કરવામાં આવશે અને દર વર્ષે <u>28 ફેબ્રુઆરી (રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ)</u> સુધી ખુલ્લા રહેશે.
- આ પુરસ્કારો દર વર્ષે <u>11 મે (રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ)</u>ના રોજ જાહેર કરવામાં આવશે.
- તમામ કેટેગરીના પુરસ્કારોનો એવોર્ડ સમારોહ <u>23મી ઓગસ્ટ (નેશનલ સ્પેસ ડે)</u>ના રોજ યોજાશે.






1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનજાતિ ગૌરવ દિવસના અવસરે 'પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી મહા અભિયાન' (PM JANMAN)ની શરૂઆત કરી હતી. તેના વિશે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તેમનો હેતુ વિવિધ આદિવાસી જૂથોને જરૂરી સહાય પૂરી પાડવાનો છે, ખાસ કરીને જેઓ લુપ્ત થવાના આરે છે.
2. આ પહેલ 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રહેતા 75 ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથોને આવરી લે છે.
3. આ પહેલ પ્રારંભિક રૂપે આસામ, મેઘાલય અને ત્રિપુરામાં ચાલુ થશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 1 (D) 1, 2 અને 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

2. તાજેતરમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયે 'રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર'ની જાહેરાત કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કઈ બાબત સાચી રીતે જોડાયેલી છે ?

1. તેમાં વિજ્ઞાન રત્ન પુરસ્કાર, વિજ્ઞાન શ્રી પુરસ્કાર, વિજ્ઞાન ટીમ પુરસ્કાર અને વિજ્ઞાન યુવા–શાંતિ સ્વરૂપ ભટનાગર જેવા પુરસ્કારોનો સમાવેશ થાય છે.
2. આ પુરસ્કારો દર વર્ષે 11 મેના રોજ જાહેર કરવામાં આવશે.
3. તમામ કેટેગરીના પુરસ્કારોનો એવોર્ડ સમારોહ 23 ઓગસ્ટના રોજ યોજાશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

3. નીચેના પૈકી કયા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ 'શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવે છે ?

(A) સાહિત્ય (B) ફિલ્મ (C) વિજ્ઞાન (D) સમાજસેવા **(C)**

અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **અંબાજીથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ**



ભાઈબીજના શુભ અવસર પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં યાત્રાધામ અંબાજીની મુલાકાત લીધી હતી. તથા ચીખલી ખાતે ભગવાન બિરસા મુંડાને પુષ્પાજંલિ અર્પણ કરી હતી. આ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની આદરણિય ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉદ્ઘાટન કર્યુ હતું. કુલ 129 રથ રાજ્યભરના 14,620 ગામડાઓમાં બે મહિના સુધી પરિભ્રમણ કરશે તથા દૂરના વિસ્તારોના રહેવાસીઓને સરકારી યોજનાઓ વિશેની આવશ્યક માહિતી પહોંચાડશે. આ સાથે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાની પણ શરૂઆત કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન આધિનતાની માનસિકતાને દૂર કરવા અને 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાની પ્રતિક્ષા લેવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **સહારા જૂથના સ્થાપક શ્રી સુબ્રત રોયનું નિધન**



તાજેતરમાં સહારા ગ્રુપના સ્થાપક શ્રી સુબ્રત રોયનું 75 વર્ષની વયે નિધન થયું છે. શ્રી સુબ્રત રોયનો જન્મ 10 જૂન, 1948ના રોજ બિહારના અરરિયામાં થયો હતો. તેમણે હોલી ચાઈલ્ડ સ્કૂલ કોલકાતાથી પ્રાથમિક શિક્ષણ લીધું હતું. ત્યારબાદ તેમણે યુપીના ગોરખપુરથી મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. સહારા ગ્રુપના પ્રમુખ બન્યા તે પહેલા તેમણે લાંબો સમય રિયલ એસ્ટેટમાં વિતાવ્યો હતો. તેમની પાસે રિયલ એસ્ટેટનો 18 વર્ષનો અનુભવ તેમજ 32 વર્ષનો વ્યાપક બિઝનેસ અનુભવ સાથે એક સમયના ભારતના 10 સૌથી શક્તિશાળી લોકોમાં તેમનું નામ શામેલ હતું. સહારા ઈન્ડિયા જૂથ એમ્બી વેલી સિટી, સહારા મૂવી સ્ટુડિયો, એર સહારા, ઉત્તરપ્રદેશ વિઝાર્ડ્સ અને ફિલ્મી જેવા વિશાળ સંખ્યામાં વ્યવસાયોનું સંચાલન કરે છે.

➤ **ઉત્તરકાશી ટનલ દુર્ઘટના**



12 નવેમ્બરના રોજ ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં સિલ્કયારાથી દાંડલગાંવ સુધી નિર્માણધીન ટનલનો એક ભાગ તૂટી પડ્યો હતો. જેમાં લગભગ 40 કામદારો ફસાયા હતા. આ ઘટના ચારધામ ઓલ વેધર રોડ પ્રોજેક્ટના ભાગરૂપે બની હતી. જેનો ઉદ્દેશ્ય ઉત્તરકાશી અને યમુનોત્રી વચ્ચેની મુસાફરીને 26 કિલોમીટર સુધી ઘટાડવાનો હતો. પોલીસ દળ, NDRF અને SDRFની ટીમો ઘટના સ્થળે હાજર છે. અને ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો હાલમાં ચાલી રહ્યા છે.

➤ **પોર્ટુગીઝ સિક્કા**

ઉત્તર ગોવાના નાનોડા બામ્બર ગામમાં એક ખેડૂતને એક વાસણ મળ્યું હતું. જેમાં જૂના જમાનાના સિક્કા હતા. પોટમાં 832 તાંબાના સિક્કા હતા. એવું માનવામાં આવે છે કે ગોવામાં 16મી કે 17મી સદીની આસપાસ જ્યારે પોર્ટુગીઝ શાસન હતું ત્યારે તે બનાવવામાં આવ્યા હશે. પોર્ટુગીઝોએ ગોવાથી સોના અને ચાંદીના સિક્કા તેમજ કોચીન, દીવ અને દમણ જેવી અન્ય ટંકશાળમાંથી તાંબા, ટીન અને સીસાના સિક્કા બહાર પાડ્યા હતા. સોનાના સિક્કાને, 'ક્ઝાડો' અથવા 'મેનોએલ' કહેવામાં આવતું હતું અને સમાન કદ, મૂલ્યો અને વજનમાં જારી કરવામાં આવતા હતા. એક બાજુ તેમની પાસે ક્રોસ હતો અને બીજી બાજુ શાહી હથિયારો પ્રદર્શિત હતા. ચાંદીના સિક્કાઓને 'મીઆ–એસ્પેરા' અને 'એસ્પેરા' કહેવામાં આવતા હતા. તાંબાના સિક્કામાં કિલ્લો, સિંહ, તાજ, ક્રોસ અને રાજાના નામ જેવા વિવિધ ચિન્હો હતા. ટીન અને સીસાના સિક્કા મુખ્યત્વે દીવ અને મલક્કામાંથી બહાર પાડવામાં આવતા હતા અને તેને 'દિનહીરો' કહેવામાં આવતા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **મડીગા સમુદાય પેટા વર્ગીકરણ**

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં હૈદરાબાદ (તેલંગાણા)માં અનુસૂચિત જાતિ (SC) હેઠળ મડીગા સમુદાયના પેટા–વર્ગીકરણ માટે સમિતિની રચના કરવાની પ્રતિબદ્ધતા સાથે જાહેરાત કરી હતી. 2011ની વસતી ગણતરી મુજબ મડીગા સમુદાય તેલંગાણામાં કુલ SC વસતીના લગભગ 50% જેટલો છે. 1994થી મડીગા સમુદાય SC વર્ગના પેટા–વર્ગીકરણને સમર્થન આપી રહ્યો છે, જે અનામત લાભોના સમાન વિતરણની જરૂરિયાત પર ભાર મૂકે છે. પેટા વર્ગીકરણનો ઉદ્દેશ્ય તમામ SC પેટા જાતિઓમાં અનામતના લાભોનું સમાન વિતરણ સુનિશ્ચિત કરવાનો છે.

➤ **ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ 2023**




ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ (IISF) 2023ની 9મી આવૃત્તિ 17 જાન્યુઆરીથી 20 જાન્યુઆરી 2024 દરમિયાન હરિયાણાના ફરિદાબાદમાં યોજાવાની છે. ટ્રાન્સલેશન હેલ્થ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટના કેમ્પસમાં આ મુખ્ય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવશે. IISFની 9મી આવૃત્તિની થીમ 'અમૃતકાળમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી પબ્લિક આઉટરીચ' છે. IISF 2023નો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો, વૈજ્ઞાનિકો, સંશોધકો, ઉદ્યોગ વ્યવસાયિકો, ઉદ્યોગસાહસિકો અને વિજ્ઞાન કોમ્યુનિકેટર્સ સહિત વિવિધ રૂચિઓ ધરાવતી વ્યક્તિઓ માટે પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

➤ **નીતિ આયોગે કુશળતા વધારવા માટે ચાર પ્રતિષ્ઠિત ફેલોની નિમણૂક કરી**

તાજેતરની જાહેરાતમાં સરકારી થિંક ટેન્ક નીતિ આયોગે સામાજિક, આર્થિક અને તકનીકી બાબતોમાં તેમની કુશળતા વધારવાના ઉદ્દેશ્ય સાથે એક વર્ષના કાર્યકાળ માટે ચાર પ્રતિષ્ઠિત ફેલોની નિમણૂક કરી છે. આ વ્યક્તિઓ મહત્ત્વપૂર્ણ કાર્ય અનુભવ અને નિર્ણાયક મુદ્દાઓની ઊંડી સમજણ ધરાવે છે, જે નીતિ આયોગની ક્ષમતાઓને વધુ સમૃદ્ધ બનાવશે. આ નવા સભ્યમાં શ્રી અનુપ સિંઘ, શ્રી ઓ.પી.અગ્રવાલ, શ્રી અજય ચૌધરી અને શ્રી વી. લક્ષ્મીકુમારનનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **જ્વાળામુખી ફાટી નિકળ્યા બાદ જાપાનમાં નવો ટાપુ**



જાપાન તેના અદભૂત લેન્ડસ્કેપ્સ અને ભૂસ્તરશાસ્ત્રીય પ્રવૃત્તિઓ માટે જાણીતું છે. તાજેતરમાં તેના દ્વીપસમૂહમાં બીજા ટાપુનો ઉદ્ભવ થયો છે. આ ઘટના ઓગાસાવરા ટાપુ શૃંખલામાં ઈવોટો ટાપુ નજીક જ્વાળામુખી ફાટવાની શ્રેણીને કારણે થઈ હતી. નવા ટાપુનો ઉદ્ભવ ઓક્ટોબરમાં શરૂ થયેલા દરિયાની અંદરના જ્વાળામુખીના વિસ્ફોટના પરિણામે થયો હતો. ઈવોટો ટાપુ ઓગાસાવારા ટાપુ શૃંખલાનો એક ભાગ છે જે ટોક્યોથી લગભગ 1200 કિમી દક્ષિણમાં છે. ઈવોટોકો ટાપુ અગાઉ ઈવો જીમા તરીકે ઓળખાતું હતું, તે પેસિફિક યુદ્ધ દરમિયાન નોંધપાત્ર યુદ્ધનું સ્થળ હતું.

➤ **આર્ગોલેન્ડ ખંડની શોધ**

આર્ગોલેન્ડ એક ખોવાયેલો ખંડ હતો, જે 155 મિલિયન વર્ષો પહેલા ઉત્તરપૂર્વીય ઓસ્ટ્રેલિયાની સાથે અસ્તિત્વમાં હતું. તે 3000 માઈલ લાંબો લેન્ડમાસ લાંબા સમયથી ભૂસ્તરશાસ્ત્રીય રહસ્ય બની રહ્યો છે. આ પટ એક સમયે સુપરકોન્ટિનેન્ટ ગોંડવાનો અભિન્ન ભાગ હતો. વૈજ્ઞાનિકોએ આર્ગોલેન્ડના અસ્તિત્વનું અનુમાન એર્ગો એબિસલ મેદાનમાંથી કર્યુ હતું, જે સમુદ્રની નીચે એક વિશાળ તટપ્રદેશ છે. આર્ગોલેન્ડના અવશેષો ઈન્ડોનેશિયા અને મ્યાનમાર સહિત દક્ષિણ–પશ્ચિમ એશિયાના ભાગોમાં દબાયેલા હતા. પેલેઓ મેગ્નેટિક અવલોકનોનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિકોએ આર્ગોલેન્ડના વિભાજનને શોધી કાઢ્યું હતું. લગભગ 300 મિલિયન વર્ષો પહેલા ગોંડવાના યુગ દરમિયાન ખંડ તૂટી પડવાનું શરૂ થયું હતું. આ અભ્યાસ દક્ષિણપશ્ચિમ બોર્નિયો અને પશ્ચિમ બર્મા જેવા વિસ્તારોમાં આર્ગોલેન્ડના ટુકડાઓને ઓળખે છે. આ સંશોધન પૃથ્વીના ભૂસ્તરશાસ્ત્રીય ભૂતકાળના વધુ સચોટ પુનર્નિર્માણને સક્ષમ કરે છે, જે ખંડીય બંધારણોના ગતિશીલ ફેરફારોને પ્રતિબિંબિત કરે છે.

➤ **રશિયા વ્યાપક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિમાંથી બહાર**

તાજેતરમાં રશિયા કોમ્પ્રીહેન્સિવ ન્યુક્લિયર–ટેસ્ટ–બેન ટ્રીટી (CTBT)માંથી ખસી ગયું છે. CTBT લશ્કરી અને નાગરિક બંને હેતુઓ માટે તમામ પરમાણુ પરીક્ષણ પર પ્રતિબંધ મૂકે છે. 1994માં જિનીવામાં નિ:શસ્ત્રીકરણ પરની પરિષદમાં આ સંધિની ચર્ચા કરવામાં આવી હતી. અને તેને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા પણ અપનાવવામાં આવી હતી. CTBT પર રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ સહિત 187 દેશો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પરંતુ તે અમલમાં આવ્યું નથી કારણ કે તેને યુનાઈટેડ સ્ટેટ્સ સહિત આઠ રાજ્યો દ્વારા બહાલી આપવામાં આવી નથી. આ સંધિ પર ભારતે હજુ સુધી હસ્તાક્ષર કર્યા નથી.

➤ **માઉન્ટ એટના જ્વાળામુખી**

માઉન્ટ એટના યુરોપનો સૌથી સક્રિય જ્વાળામુખી છે. તે ફેબ્રુઆરી 2023થી સતત વિસ્ફોટ થઈ રહ્યો છે. માઉન્ટ એટનાએ સ્ટ્રેટોવોલ્કેનો છે એટલે કે લાવા, રાખ અને ખડકોના સ્તરોથી બનેલો છે જે હજારો વર્ષોથી ફાટી નિકળ્યો છે. તે ભૂમધ્ય સમુદ્રમાં ઈટાલીના ટાપુ સિસિલીના પૂર્વ કિનારે આવેલું છે. તે સમુદ્ર સપાટીથી આશરે 3300 મીટર ઉપર છે અને લગભગ 1200 ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. દર વર્ષે કયા દિવસને ઉત્તરાખંડ રાજ્ય સ્થાપના દિવસ તરીકે ઉજવવામાં આવે છે ? – 9 નવેમ્બર

2. તાજેતરમાં કયા દેશની વાયુસેનાના બી–21 'રાઈડર'એ તેની પ્રથમ ઉડાન ભરી હતી ? – અમેરિકા

3. તાજેતરમાં વર્લ્ડ બેંકએ શ્રીલંકાના નાણાકીય ક્ષેત્રને મજબૂત કરવા _____ મિલિયન યુ.એસ. ડોલરના નાણાકીય સહાય પેકેજને મંજૂરી આપી છે. – 150

4. વિશ્વના પ્રથમ રોબોર્ટ CEOનું નામ શું છે ? – મિકા
(તાજેતરમાં કોલંબિયાના કાર્ટેજેના સ્થિત રિપરિટ બ્રાન્ડ, ડિક્ટાડોર મીકાની નિમણૂક કરી છે, જે રોબર્ટ તરીકે પ્રસિદ્ધ થાય છે. મિકા હેન્સન રોબોટિક્સ અને ડિક્ટેડોર વચ્ચેનો એક સંશોધન પ્રોજેક્ટ છે. તે કંપનીના મૂલ્યને રજૂ કરવા માટે કસ્ટમાઈઝ કરવામાં આવ્યું છે.)

5. ઓલ–ઈલેક્ટ્રિક એર ટેક્સી સેવા માટે કઈ ભારતીય કંપનીએ યુએસ સ્થિત આર્ચર એવિએશન સાથે ભાગીદારી કરી છે ? – ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝિસ

6. 'ધ સ્ટેટ ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર (SOFA)' કઈ સંસ્થાનો મુખ્ય અહેવાલ છે ? – FAO

7. નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL)ની તાજેતરમાં લોન્ચ કરાયેલ બ્રાન્ડનું નામ શું છે ? – ભારત ઓર્ગેનિક્સ

8. તાજેતરમાં સમાચારમાં રહેલ 'સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDR)'નો ક્વોટા કઈ સંસ્થા સાથે સંકળાયેલ છે ? – IMF

9. તાજેતરમાં ભારત–ઈથોપિયા જોઈન્ટ ટ્રેડ કમિટી (JTC)નું _____ મું સત્ર આદીસ અબાબા (ઈથોપિયા)માં યોજાયું હતું. – છઠ્ઠુ

10. જ્વાળામુખી ફાટવાના ભયના કારણે તાજેતરમાં કયા દેશે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે ? – આઈસલેન્ડ

11. ભારતે _____ બેન્ક સાથે 400 મિલિયન ડોલર લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે. – ADB
(કેન્દ્ર સરકારે તેના શહેરી સુધારણા એજન્ડાને સમર્થન આપવા માટે એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) સાથે 400 મિલિયન ડોલરના નીતિ આધારિત લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે. કરારનો હેતુ શહેરી માળખાકીય સુવિધાઓ, સેવા વિતરણ અને શાસન પ્રણાલીને વધારવાનો છે.)

12. તાજેતરમાં _____ એ કાશ્મીરની લિદ્દર વેલીમાં અમરનાથ ગુફાને બાલટાલ બેઝ કેમ્પ સાથે જોડતા મોટરેબલ રોડનું બાંધકામ પૂર્ણ કર્યું છે, જે યાત્રાધામને શ્રદ્ધાળુઓ માટે વધુ સુલભ અને આરામદાયક બનાવે છે. – બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. તાજેતરમાં રિયર એડમિરલ _____ એ ભારતીય નૌકાદળના પશ્ચિમ ફલીટની કમાન સંભાળી છે.
– સી.આર.પ્રવીણ નાયર

14. તાજેતરમાં કયા દિવસના રોજ ઝારખંડ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી ? – 15 નવેમ્બર

15. તાજેતરમાં _____ એ સ્પર્મ વ્હેલ માટે દુનિયાનો પ્રથમ સમુદ્રી સંરક્ષિત ક્ષેત્ર બનાવ્યું છે. – ડોમિનિકા

16. વાર્ષિક ઈન્ડો–પેસિફિક રિજનલ ડાયલોગ (IPRD), ભારતીય નૌકાદળ દ્વારા આયોજિત એક ઉચ્ચ સ્તરીય આંતરરાષ્ટ્રીય પરિષદ 15 થી 17 નવેમ્બર, 2023 દરમિયાન કયા સ્થળે યોજાઈ હતી ? – નવી દિલ્હી

17. દિવાળી પછી ભારતીય શહેરોમાં હવાની ખરાબ ગુણવત્તામાં કયું શહેર ટોચ પર છે ? – નવી દિલ્હી

18. તાજેતરમાં કયા રાજ્યમાં ગરોળીની નવી પ્રજાતિની ઓળખ કરવામાં આવી છે ? – મિઝોરમ

19. ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા ટકાઉ આવાસ માટે _____ પહેલ શરૂ કરી છે. – NEST

20. તાજેતરમાં કયા સ્થળે CITESની સ્થાયી સમિતિની 77મી બેઠક પૂર્ણ થઈ હતી ? – જિનીવા, સ્વિત્ઝર્લેન્ડ

21. ગ્રેમી પુરસ્કાર માટે નામાંકિત થયેલા ‘એબન્ડન્સ ઈન મિલેટ્સ’ ગીતના ગાયક કોણ છે ? – ફાલ્ગુની શાહ

22. કયા કેન્દ્રીય મંત્રાલયે ‘ડિજિટલ એડવર્ટાઈઝમેન્ટ પોલિસી, 2023’ બહાર પાડી છે ?
– માહિતી અને પ્રસારણ મંત્રાલય

23. તાજેતરમાં ચર્ચામાં રહેલ કોરોનેશન ફૂડ પ્રોજેક્ટ કયા દેશ સાથે સંકળાયેલ છે ? – યુ.કે.

24. લોકસભા એથિક્સ કમિટીએ કયા સંસદસભ્યની હકાલપટ્ટીની ભલામણ કરતો અહેવાલ અપનાવ્યો છે ?
– મહુઆ મોઈત્રા

25. ભેંસોની ઉજવણી સંબંધિત ‘સદર ફેસ્ટિવલ’ કયા શહેર સાથે સંબંધિત છે ? – હૈદરાબાદ

26. દિવાળીની પૂર્વ સંધ્યાએ કયા શહેરમાં 22.23 લાખ માટીના દીવા પ્રગટાવવાનો વિશ્વ રેકોર્ડ બન્યો છે ? – અયોધ્યા

27. ‘નોલેજ, હેલ્થકેર, ઈનોવેશન એન્ડ રિસર્ચ સિટી’ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – કર્ણાટક

28. તાજેતરમાં સમાચારમાં રહેલ કાર્લો રોવેલ્સ કયા વ્યવસાય સાથે સંકળાયેલા છે ? – ભૌતિકશાસ્ત્રી
(તેઓ એક ઈટાલિયન સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી છે. તેઓ દાવો કરે છે કે ‘બ્રહ્માંડ મોટા ઉછાળાથી પરિણમ્યું હશે’)

29. યુએનના તાજેતરના અહેવાલ મુજબ કયા પ્રદેશને પાણીની અછત માટે વિશ્વના સૌથી ખરાબ પ્રદેશ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે ? – દક્ષિણ એશિયા

30. ‘ટ્રાન્સપોર્ટર-9 મિશન’ કયા દેશ સાથે સંકળાયેલું છે ? – USA

31. અધરિંગ એન્ડ બેલોંગિંગ ઈન્સ્ટિટ્યૂટ (OBI) સર્વસમાવેશકતા સૂચકાંકમાં ભારતનો ક્રમ કેટલામો છે ? – 117

32. તાજેતરમાં _____ માં 37મી પાયદળ કમાન્ડર કોન્ફરન્સનું સમાપન થયું હતું. – મહુ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

33. 'સ્ટોપગેપ ખર્ચ બિલ' કયા દેશ સાથે સંકળાયેલું છે ? – USA
34. કઈ સંસ્થા વાર્ષિક ગ્રીનહાઉસ ગેસ બુલેટિન બહાર પાડે છે ? – WMO
35. રવાન્ડા યોજના સાથે કયો દેશ સંકળાયેલો છે ? – UK
36. ભારતીય કૃષિ–ઉત્પાદન નિકાસને વેગ આપવા માટે કઈ વૈશ્વિક રિટેલ જાયન્ટે APEDA સાથે ભાગીદારી કરી છે ? – LuLu હાઈપર માર્કેટ
37. ભારત અને શ્રીલંકાના નેવીઝ અને કોસ્ટ ગાર્ડના પ્રતિનિધિઓ વચ્ચે વાર્ષિક ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈન (IMBL)ની 33મી આવૃત્તિ કયાં યોજાઈ હતી ? – પાલ્ક ખાડી, મન્નારનો અખાત
38. ભારતનું પ્રથમ WiFi 6 - તૈયાર બ્રોડબેન્ડ નેટવર્ક લોન્ચ કરવા માટે કઈ કંપનીએ નોકિયા સાથે ભાગીદારી કરી છે ? – TATA પ્લે ફાઈબર
39. કઈ જીવન વીમા કંપની GIFT સિટી IFSC નોંધણી મેળવનાર પ્રથમ બની છે ? – ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ
40. ભારત બોટનિક્સે કયા રાજ્યમાં તેની સૌથી મોટી વુડ–પ્રેસ્ડ કોલ્ડ ઓઈલ ઉત્પાદન સુવિધા ખોલી છે ? – ગુજરાત
41. IIT મદ્રાસ દ્વારા સ્થાપિત પ્રથમ આંતરરાષ્ટ્રીય કેમ્પસ કયા પૂર્વ આફ્રિકન દેશમાં છે ? – તાન્ઝાનિયા
42. કઈ સંસ્થાએ ગ્રાસરૂટ ફૂટબોલ માટે AFC પ્રેસિડેન્ટ રેકગ્નિશન બ્રોન્ઝ એવોર્ડ જીત્યો છે ? – AIFF
43. વૈશ્વિક પાણીની ઉપલબ્ધતામાં તાજેતરના ઘટાડાના 95%થી વધુ માટે વિશ્વનો કયો ભાગ છે ? – દક્ષિણી ગોળાર્ધ
44. વિશ્વ રેડિયોગ્રાફી દિવસ દર વર્ષે કયા દિવસે મનાવવામાં આવે છે ? – 8 નવેમ્બર
45. તાજેતરમાં કોણે સસ્તો ઘઉંનો લોટ આપવા માટે 'ભારત અટ્ટા' પહેલ શરૂ કરી છે ? – શ્રી પિયુષ ગોયલ
46. તાજેતરમાં કયો દેશ ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ILA)નો 95મો સભ્ય બન્યો છે ? – ચિલી
47. અમેરિકામાં છઠ્ઠુ વાણિજ્ય દૂતાવાસ કયાં ખોલવામાં આવ્યું છે ? – સિએટલ, વોશિંગ્ટન
48. વૈશ્વિક સુખાકારી સર્વેક્ષણમાં કર્મચારીઓની સુખાકારીના સંદર્ભમાં ભારત કયા સ્થાને આવે છે ? – બીજા
49. કયા રાજ્યમાં ગેકોની 94મી પ્રજાતિની શોધ થઈ હતી, જેને કેનેમાસ્પિસ રશીદી અથવા રશીદની વામન ગેકો નામ આપવામાં આવ્યું હતું ? – તમિલનાડુ
50. ભારતમાં નાણાકીય સમાવેશ અને સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટે કઈ બેંકે IRMA સાથે ભાગીદારી કરી છે ? – એક્સિસ બેંક
51. ભારતના સર્વેયર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – હિતેશકુમાર એસ. મકવાણા

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT